
# અધ્યાત્મ

Summit



વર્ષ : ૧૩ માર્ચ–૧૯૯૨ અંક : ૬


## * જીવનની યથાર્થતા *

ઈશ્વરની કૃપા વિના જીવનની યથાર્થતા પ્રાપ્ત થતી નથી. ધન, સંપત્તિ ને ભોગ જેવી બાહ્ય વસ્તુઓમાં રહેતી આજની દુનિયા જીવનના પરમ સત્યથી તેમ જ તેની યથાર્થતાથી ખૂબ જ દૂર છે. અમારી આગળ તો તે એક વામન જેવી છે. સાચું સુખ ને શાંતિ તેનાથી કેટલે દૂર આકાશના ચંદ્ર જેટલી દૂર છે! ને આકાશ એટલે અવકાશ, જે કદી પ્રાપ્ત થાય જ નહિ. પણ જીવનની યથાર્થતાનો મહિમા ને ઈશ્વરની શ્રદ્ધાભક્તિ, દિવ્યજીવન-ની રૂચિ જગતમાં ફરી પ્રકટ થશે. વારંવારના સંહાર એ તો તેને માટેની થપ્પડો છે.

## * અંતરનો આનંદ *

જેમ સંસારી વિષયોમાં વિલાસ કરવાનો સંસારી જીવોને આનંદ હોય છે તેમ મુક્તાત્માઓનો આનંદ અંતરમાં ડૂબકી મારવાનો હોય છે. માછલી જેમ પાણીમાં જ જીવે છે ને તેમાંથી બહાર કાઢતાં જીવ ખોઈ બેસે છે તેવી જ રીતે જેઓએ ઈશ્વરી પ્રેમનો સ્વાદ ચાખ્યો છે તેઓ તેમાં જ જીવે છે, તેમય બની જાય છે, ને તેની બહાર રહી શકતા નથી. આજ મુક્તિ.

અશુદ્ધિનાં પડળોને દૂર કરીને સર્વત્ર રહેલા ઈશ્વરી તત્ત્વનો અનુભવ કરવો, તેમાં એકાકાર થવું, એ જ દિવ્ય જીવનની પરિસીમા. આવો મનુષ્ય પ્રેમ, સત્ય ને દયાની મૂર્તિ બની જાય છે. જેમ કે ભગવાન, બુદ્ધ. કૃષ્ણઘેલી ગોપીઓ અથવા તો ભગવાન ઈશુ. યોગેશ્વરજી



પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી

જન્મ : ૧૫-૮-૧૯૨૧

નિર્વાણ : ૧૮-૩-૧૯૮૪

## * સમજાયું સઘળું ન્યારું *

શાને કરવો શોક અહીં, ભાઇ!
આવે છે તે જવા સારું,
કોઇ શક્યું ના રોકી કોઇને
હોય વેરી કે અતિ પ્યારું! ૧
ભેદ બધા યે માનવ સર્જિત
ઊંચ નહીં, કોઇ નીચ નહીં,
જાય તેને ના નડતું કદિ યે
અજવાળું કે અંધારું! ૨
ગયા રામ ને કૃષ્ણ પ્રભુયે
ગાંધી ગૌતમ સર્વ ગયા!
ઓઘ વહે એકધારો સંતત
કોઇ ન બાકાત રહેનારું! ૩
કોઇ કણસતું, ટળવળતું કોઇ,
કોઇ રડતું જાય ભાન ભૂલી,
હસતું હસતું નિજને ઓળખી
કોઇક જ દીસતું જનારું! ૪
ગુરુ પ્રતાપે પરમાર્થીને
સમજાયું સઘળું ન્યારું :
આવ્યા છે તો મનમૂકીને
શાને ના જીવવું રઢિયાળું? ૫

ઈશ્વરભાઇ ભક્ત (પરમાર્થી), કપૂરા

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૨–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫-૦૦
વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી-સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઇ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદાર નગર, ભાવનગર-૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર–૧


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- **ગ્રાહકોને** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા શ્રી સર્વેશ્વરી | ૪ |
| ડેકલેશન | — | ૧૩ |
| શ્રી ભગવાનનો વિભૂતિ અવતાર મહાત્મા યોગેશ્વરજી | ભાગવતાચાર્ય જનાર્દનભાઇ દવે | ૧૪ |
| એ મૂર્ખાઇ કરવા જેવી નથી | ગોરધનભાઇ કલોલા | ૧૯ |
| શ્રી શ્રી મા આનંદમયીમાના જીવનની કેટલીક ચમત્કારી ઘટનાઓ | મા પ્રેમી | ૨૬ |
| બ્રહ્મલીન મહાત્મા યોગેશ્વરજીને ભાવાંજલિ | ડો. ધર્મેન્દ્ર માસ્તર | ૩૩ |
| રે મન! | ડો. રણજિત પટેલ (અનામી) | ૩૭ |
| ભજન—અભેદ | બળવંત ઓઝા (સફર) | ૩૮ |
| સદ્‌ભાવભરી સહાય | — | ૩૯ |
| પ.પૂ.શ્રીમુગટરામ મહારાજના જીવનપ્રસંગો | કનૈયાલાલ ઝિંઝુવાડિયા | ૪૧ |
| પરમ જાગૃતિની આરાધનાનું પર્વ શિવરાત્રિ | કમલ સુથાર | ૪૫ |
| સાઇશ્વરી સંગે શીરડી યાત્રા | જ્યોત્સ્ના બી. ત્રિવેદી | ૪૮ |
| મનનો દોષ—અહંકાર | યોગેન્દ્ર પરીખ | ૫૬ |
| અધ્યાત્મની કેડીએ | મણિભાઇ ના. પંડયા | ૬૦ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |


## * અભિનંદન અને આભાર *

દશાબ્દી વર્ષ નિમિત્તે, મહાત્મા યોગેશ્વર ધ્યાન કેન્દ્ર, ટોરન્ટો (કેનેડા) એ અધ્યાત્મ માસિકને ન કલ્પી શકાય એવી આર્થિક સહાય કરી છે. અગાઉની જેમ અધ્યાત્મના માર્ચ, '૯૨ ના પ્રકાશનનો બધો ખર્ચ આપવા અત્રે જાણ કરી છે. તે બદલ ત્યાંના ધ્યાનકેન્દ્રના સર્વે ભાઇ-બહેનો ખરે જ અભિનંદનનાં અધિકારી છે. અધ્યાત્મના તંત્રી તરીકે અમે—તથા સમગ્ર સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ તેઓનું આભારી છે.

નવેમ્બર, ૧૯૯૧ થી ફેબ્રુઆરી, ૧૯૯૨ સુધીના અગાઉના ચાર માસનો ખર્ચ પણ તેઓએ આ પહેલાં આપેલ છે.

– તંત્રી (અધ્યાત્મ)

# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૩ માર્ચ–૧૯૯૨ અંક : ૬

## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**સંવત ૨૦૩૭, દેવદિવાળી, તા. ૨૨–૧૧–૮૦, શનિવાર**

**સ્થળ : યાત્રા ચાલુ**

આજે સવારથી નાગપુરની દિશામાં ગાડી આગળ વધી. રાયપુર નિલમ હોટેલ (ગુજરાતી)માં ભોજન લીધું. આજે પૂ. શ્રીએ ફક્ત દહીં જ લીધું. અસ્વસ્થતા ઘણી હતી. ભીલાઈ દુર્ગની આગળ થોડો આરામ કર્યો. અમારી સાથેની બીજી ગાડીને એક વાગ્યે જ રવાના કરી દીધી. અમે રાત્રે સાડા આઠે પહોંચ્યા. સ્ટેશનેથી સૌને લીધાં. 'આમદાર નિવાસ' નામના સરકારી મકાનમાં સૌએ વિશ્રામ કર્યો.

પૂ. શ્રીની અસ્વસ્થતા ઘણી હતી. છતાં યાત્રીકો ખાતર પોતાના શરીરની ઉપરવટ જઈ આજે યાત્રામાં લાંબામાં લાંબી મુસાફરી પૂરી કરી નાગપુરમાં આવી ગયા.



આજે આખો દિવસ મુસાફરીમાં જ વીત્યો. આજે પ્રાર્થના, સત્સંગ માર્ગમાં જ કરી લીધાં. તેથી વિશેષ નોંધવાનું કશું રહ્યું જ નહીં.

**તા. ૨૩–૧૧–૮૦, રવિવાર**

નાગપુરથી ઉડીપી નામના મદ્રાસી ભોજનાલયમાં ઈડલી વગેરેનું ભોજન લઈને ઈન્દોર ભોપાલેને માર્ગે આગળ વધ્યા. આર્યભવનમાં પૂ. શ્રીએ ઈડલી ને ઠંડુ આઈસ્ક્રીમ જેવું લીધું. કામઠી, સેવનાર, પાંડુઆ થઈને આગળ જવાનું બન્યું. વચ્ચે આરામ થયો. આગળ જઈ બેતુલ વિશ્રામગૃહમાં વિશ્રામ કર્યો.

**તા. ૨૪–૧૧–૮૦, સોમવાર, સ્થળ : યાત્રા ચાલુ**

સવારે બેતુલથી નીકળી ભોપાલના માર્ગે જ શાહપુર, ઈટારસી, અબ્દુલ્લાગંજ થઈ ભોપાલના માર્ગે નં. ૧૨ ઉપર આવ્યા ત્યાં સુધી પાછળની ગાડી ન આવી હોવાથી રાહ જોવાની હતી. પૂ. શ્રીએ આજે ભોજન પહેલાં બાવળના વૃક્ષ નીચે આસન ઉપર આરામ કર્યો.

અમારી ગાડી ભોપાલ આવી ગઈ. એક કલાક રાહ જોઈ છતાં અમારી સાથેની બીજી ગાડી ન આવી. થોડી ચિંતા થઈ ત્યાં જ તે ગાડી આવી ગઈ. ભોપાલની નાની ગલીઓમાં થઈ અમારી ગાડી ગુજરાતી ભોજનાલય શોધવા નીકળી. આખરે થોડો નાસ્તો લઈને ભોજન બંધ રાખી આગળ ઉજ્જૈનના માર્ગે બહાર નીકળી.

એક વિશાળ આમલીના વૃક્ષ નીચે સૌએ નાસ્તો કર્યો. પૂ. શ્રીએ કશું જ ન લીધું. તબિયત અસ્વસ્થ હતી. દીર્ઘશંકાની તકલીફ વારંવાર થતી હતી. સૌએ થોડો ફરી આરામ કર્યો.

સાંજે દેવાસીમાં જઇને ખીચડીનું ભોજન કરાવીશું એવો વિચાર હતો પણ મુશ્કેલી વેઠીને પણ ઉજ્જૈન રાત્રે ૭.૩૦ આવી ગયા. રેસ્ટહાઉસ કવિ કાલિદાસના સમારોહના મહેમાનો માટે રોકાયેલું હોવાથી છેક આઠ વાગ્યે હોટલમાં ઉતારો મળ્યો.

પૂ. શ્રી સંપૂર્ણ આરામ ઇચ્છતા હતા. મુસાફરી લાંબી હતી. જેથી રૂમમાં આવીને પૂ. શ્રી સૂઇ જ ગયા. શ્રી કલ્યાણે પૂ. શ્રીના શરીરે તેલમાલિસ હળવે હાથે કરી આપ્યું.

આખી રાત શાંતિથી પસાર કરી. દીર્ઘશંકાની તકલીફ ચાલુ જ રહી.

**તા. ૨૫-૧૧-૮૦, મંગળવાર, સ્થળ : યાત્રા ચાલુ**

સવારે પણ પૂ. શ્રીને સંપૂર્ણ આરામની જરૂર હતી. જેથી આજે આખો દિવસ આરામ જ કર્યો. સાથીદારો મંદિર વગેરે જોઇ આવ્યા. આખો દિવસ તાવ ને અશક્તિ જણાયાં, જેથી સવારથી જ ડોક્ટરની સારવાર શરૂ થઇ. આખો દિવસ ઉજ્જૈન-માં શાંતિથી પસાર કર્યો. સાંજે ૫ થી ૭ સૌ પૂ. શ્રી પાસે બેઠા. પૂ. શ્રીએ સૌને પોતપોતાની દૃષ્ટિએ યાત્રાના સર્વશ્રેષ્ઠ સ્થળનું વર્ણન અને વાતો કરવાનું સૂચન કર્યું.

સૌએ પોતાની રીતે વાતો કરી. શ્રી મોહનલાલે પોતાના આધ્યાત્મિક અનુભવો કહ્યા. સૌ પ્રણામ કરી વિદાય થયા.

**તા. ૨૬-૧૧-૮૦, બુધવાર, સ્થળ : યાત્રા ચાલુ**

આજે ઉજ્જૈનથી સવારે નીકળ્યા. બાજુમાં જ રામભોજના-લયમાં સૌએ ભોજન કર્યું. પૂ. શ્રી માટે ખીચડી કે સારું દહીં લાવી આપવામાં પણ તેમણે જ મદદ કરી હતી. તે રામ ભોજનાલયવાળા ભાઇ પૂ. શ્રીને પ્રણામ કરવા આવ્યા. સવા પાંચ



રૂપિયાની પણ ભેટ ધરી. પૂ. શ્રીએ ફક્ત ૨૫ પૈસા જ લીધા પાંચ રૂપિયા પાછા આપી દીધા.

ઉજ્જૈનથી ઇંદોર આવી ગયા. સૌની ઇચ્છા વડોદરા પહોંચવાની હતી. પણ પૂ. શ્રીની ઇચ્છા સૌને જ્યોતિર્લિંગ ૐકારેશ્વર બતાવવાની હતી જેથી સૌની અનિચ્છા છતાં ઇન્દોરથી ૭૪ કિલોમીટર દૂર ૐકારેશ્વર ગયા.

નાવમાં નર્મદા પાર કરી સામે કિનારે ૐકારેશ્વર જ્યોતિ-લિંગનાં દર્શન કર્યાં. સૌએ સ્નાન કર્યું. મંદિરમાં દર્શન કરવા સૌ પગથિયાં ચઢતા હતા ત્યાં બ્રાહ્મણો બેઠા હતા : રુદ્રાભિષેક કરાવવાનું હોય તો–તો પૂ. શ્રીએ તરત જ શિવમહિમ્ન બોલવાનું કહ્યું. ઉચ્ચારો શુદ્ધ લાગ્યા જેથી પૂ. શ્રીએ માતાજીની શાંતિ અર્થે રુદ્રિપૂજા અંગે તે બ્રાહ્મણોને વાત કરી. તે બંને ભૂદેવો અમારી સાથે મંદિરમાં આવ્યા ને મંત્રોચ્ચાર સાથે પૂજા કરાવી.

આ મંદિર નર્મદાકિનારે છે. સ્વચ્છતા નથી પણ કુદરતી દૃશ્ય સારું હતું.

ૐકારેશ્વરથી બડવાહ, ધામનોદ ધાર થઇ સરદારપુર રેસ્ટહાઉસમાં સાંજે ૮.૦૦ આવી ગયા. પછી આરામ.

યાત્રાની પુર્ણાહુતિમાં પણ મોહનલાલની સગવડ તૈયાર હતી. તેનો લાભ લીધો અહીં સરકીટ હાઉસમાં ઉતારો હતો. સગવડ સારી હતી. મહી નદીને કિનારે જ આ સ્થળ આવેલું છે.

**તા. ૨૭-૧૧-૮૦, ગુરુવાર, સ્થળ : યાત્રા ચાલુ**

સવારે સરદારપુરથી જાંબુવા, દાહોદ થઇ ગોધરા બાર વાગ્યે આવી ગયા. બાલકૃષ્ણ લોજ જ્યાં શ્રી વિનુભાઇના મિત્ર છે તેમને ત્યાં સૌએ ભોજન લીધું. પૂ. શ્રીએ આઇસ્ક્રીમ વગેરે લીધું.

ગોધરામાં જ બાલકૃષ્ણ લોજના એક ઓરડામાં પૂ. શ્રીએ આરામ કર્યો. ૨॥ વાગ્યે વડોદરા જવા ગાડી ચાલુ થઈ. સૌને યાત્રા પૂરી થયાનો, વડોદરા પહોંચી જવાનો આનંદ હતો.

ગઈકાલે પૂ. શ્રીની તબિયત અસ્વસ્થ હતી છતાં ૐકારેશ્વરના કેટલાયે પગથિયાં ઉતરીને નાવમાં બેસી સામે કિનારે કેટલાયે પગથિયાં ચઢી ૐકારેશ્વરના દર્શન કરી પૂલ ઉપરનું ખૂબ ખૂબ લાંબુ અંતર પગે ચાલીને પૂ. શ્રીએ પૂર્ણ કર્યું.

આજે પણ તબિયત એવી જ હતી. બોલવાની પણ અશક્તિ હોય એવું લાગ્યું. આરામ કરતાં કરતાં જ વડોદરા ચાર વાગ્યે આવી ગયા. અમારા યજમાન બે દિવસથી રાહ જોતા હતા. સૌને અમારા આગમનથી ખૂબ આનંદ થયો. પૂ. શ્રીને પણ ઘરમાં આવી ગયાનો સંતોષ થયો.

નીચેના ઓરડામાં જ ફૂલની સુગંધિત માળાથી અમારું સ્વાગત થયું. ઉપર આવી સંપૂર્ણ આરામ માટે પૂ. શ્રીએ તૈયારી કરી ત્યાં માતાજીનો સ્મૃતિ અંક આપ્યો. જેથી પૂ. શ્રી ખૂબ લાગણીવશ થઈ ખૂબ ખૂબ અસ્વસ્થતા અનુભવવા લાગ્યા.

સંપૂર્ણ આરામ બાદ રાત્રે ૭ વાગ્યે પૂ. શ્રીએ ઘણા દિવસે મગભાત એક ચમચી લીધો. પછી આરામ.

**તા. ૨૮–૧૧–૮૦, શુક્રવાર, સ્થળ : વડોદરા**

આખો દિવસ સંપૂર્ણ આરામ જરૂરી હતો. જેથી સવારે નવ વાગ્યે દૂધ પીધું. સાડા અગિયારે મગભાતનું બે–ચાર ચમચી ભોજન લીધું. સાંજે સૌ ભાવિકો દર્શનાર્થે આવ્યા. પૂ. શ્રીએ તેમની સાથે અડધો કલાક ગાળ્યો. પ્રાર્થના બાદ સૌએ પ્રણામ કરી વિદાય લીધી.



અમારી યાત્રામાં વડોદરાના વિનુભાઈ પણ હતા. જેઓ ગંગાજળ લાવ્યા હતા. તે સૌ ભક્તોને પ્રસાદમાં આપ્યું.

સાંજે ખીચડીનું ભોજન કરી સંપૂર્ણ આરામ કર્યો.

**તા. ૨૯–૧૧–૮૦, શનિવાર,**

**સ્થળ : ૫૫, અરુણોદય સોસાયટી, અલકાપુરી, વડોદરા.**

નિયમ પ્રમાણે સવારે નવ વાગ્યે પૂ. શ્રીનું દ્વાર ઉઘડે છે. જીતુભાઈ, એમના પિતાજી, પુત્રો, પત્ની સાથે પ્રણામ કરી દર્શન કરે છે, પૂ. શ્રી દૂધ લે છે. ત્યારબાદ બહારના વરંડામાં માળા ને ઘડિયાળ લઈ પલંગ પર આરામ કરે છે.

હજી અસ્વસ્થતા ઘણી જ છે. સંપૂર્ણ આરામ જરૂરી છે. તા. ૨૮–૧૧–૮૦ થી અમદાવાદમાં પ્રવચનો યોજાયાં હતાં તે તા. ૧–૧૨–૮૦ થી થશે. એ વ્યવસ્થા પૂ. શ્રીની માંદગી નિમિત્તે થઈ તે યોગ્ય જ થયું.

બપોરે ખીચડી–શાક–છાશનું ભોજન લીધું. પછી ફરીથી સંપૂર્ણ આરામ. સાંજે છ વાગ્યે પૂ. શ્રી પોતાની સાંજની નિયમિત પ્રાર્થના કરવા અંદર બેઠા છે. સવા છ વાગ્યે સૌ ભાવિક ભક્તોને ઉપર આવવા સૂચના આપવામાં આવી છે. સૌ બેઠાં. બે બેનો પાસે પૂ. શ્રી ભજન ગવડાવે છે.

ભજનો બાદ યાત્રામાં ચિત્રકૂટનું વર્ણન શ્રી રાજુભાઈને કરવાનું પૂ. શ્રીએ સૂચન કર્યું. રાજુભાઈએ વાતો કરી. પણ એ પ્રસંગને ન્યાય ન આપી શક્યા. ત્યારબાદ સર્વેશ્વરીને દક્ષિણેશ્વર કે દેવપ્રયાગ વિશે વાતો કરવાનું સૂચન થયું. જેથી સર્વેશ્વરી દેવપ્રયાગની પવિત્ર કુટિયા મગનલાલ ભટ્ટના કુટુંબની વાતો કરે

છે. પ્રાર્થના બાદ પ્રણામ કરી પ્રસાદ લઇ સૌ ભાવિક ભક્તો વિદાય થયા.

પૂ. શ્રી ઝડપથી ઓરડામાં આવી ગયા. "પવનપાવડીની જેમ ઝડપથી સ્નાન કરીને આવું છું. આઠ વાગ્યે જે કાંઇ અલ્પાહાર લેવાનો છે તે લઇ આવે એવી સૂચના આપો." આવા શબ્દો સાથે પૂ. શ્રી સ્નાન કરવા ગયા, ને સર્વેશ્વરીએ નોંધ પૂર્ણ કરી બરાબર આઠ વાગ્યે પૂ. શ્રી મગ, ભાત, વગેરે લે છે. પછી આરામ.

**તા. ૩૦–૧૧–૮૦, રવિવાર,**

**સ્થળ : ૫૫, અરુણોદય સોસાયટી, અલકાપુરી, વડોદરા**

સવારે નવ વાગ્યે પૂ. શ્રીનાં મંગલમય દ્વાર ઉઘડે તે પહેલાં પૂ. શ્રી પોતનો નિયમિત વ્યાયામનો કાર્યક્રમ પૂરો કરી સ્નાન વગેરે પણ પતાવી લે છે. ત્યારે સર્વેશ્વરી પૂ. શ્રીને કહે છે : "આજે મેં પણ બધો જ વ્યાયામ કર્યો." તો પૂ. શ્રી કહે : એ બધું નિયમિત કરવું જ જોઇએ ને હું થોડો સ્વસ્થ થઇ જાઉં પછી ધ્યાનમાં પણ બેસીશું. આપણે ત્યાગ કર્યો છે તો તે મોજશોખ, ઉંઘ આળસ માટે નહીં, પરંતુ યોગી તરીકેનું જીવન જીવવા માટે કર્યો છે. બને તેટલા નિયમિત બનીએ તો કંઇક સિદ્ધિઓ મળી શકે. વગેરે...

આવો ગંભીર, પવિત્ર ને જાગૃત ઉપદેશ પ્રભાતકાળે જ સાંભળવા મળ્યો, એને જીવનનું સદ્‌ભાગ્ય માનું છું. સતત જાગૃત ને સાવધાન બનીને પરમ યોગીનું જીવન જીવવાનું છે. એનું સ્મરણ જરૂરી છે.

બરાબર નવ વાગ્યે પૂ. શ્રી દૂધ લે છે. જીતુભાઇ પોતાના પરિવાર સાથે પૂ. શ્રીને પ્રણામ કરે છે. દૂધ લીધા પછી પોતાની



માળા ને ઘડિયાળ લઇને પૂ. શ્રી બહાર મૂકાયેલા (લોબીમાંના) પલંગ ઉપર આરામ સાથે જપ કરે છે.

લગભગ સાડા દશે પૂ. શ્રી અંદરના રૂમમાં આવે છે. કહે છે, "અમદાવાદ જઇને લેખનકાર્ય નિયમિત કરીશું. હમણાં થોડી અસ્વસ્થતા છે, એટલે આરામ પણ જરૂરી છે. તમે પણ નિયમિત ડાયરી ને ભજનની પુસ્તિકાનું લેખનકાર્ય કરજો. નિયમિત લેખનકાર્ય જરૂરી છે, લેખન જેવું શ્રેષ્ઠ સંભારણું બીજું એકેય નથી."

યાત્રામાં પણ પૂ. શ્રીએ નિયમિત લેખનકાર્ય કર્યું છે. છેલ્લા આઠેક દિવસથી અસ્વસ્થતા વધતાં તે હાલમાં બંધ છે.

બરાબર સાડા અગિયાર સુધી પૂ. શ્રી આરામ સાથે જપ કર્યા કરે છે. સાડા અગિયારે મગભાતનું ભોજન કરી પેપરો ઉપર થોડી નજર નાંખી લે છે. વોરા કંપનીને એક પત્ર લખાવે છે. જેમાં પોતાની પાસે કેટલું સાહિત્ય છે તે વોરા કંપની છાપી શકે તેનો ઉલ્લેખ પણ કરે છે.

સાંજે સાડાપાંચ સુધી આરામ કરે છે. અધ્યાત્મના નિયમિત અંકો વાચકોને મળતા નથી તેની ચિંતા કરે છે. તંત્રીને સૂચનો કરે છે. પછી શાંતિથી બહાર લોબીમાં આંટા મારતાં મારતાં પોતાની સાંજની પ્રાર્થના કરતા જણાય છે.

આજે સાંજના સત્સંગમાં શ્રી વિનુભાઇને અકસ્માતની વાતો કરવાનું સૂચન કર્યું. વળી સર્વેશ્વરીને મસૂરીની વાતો કરવાનું કહ્યું. એ મુજબ વાતો થઇ. પૂ. શ્રીએ મસુરીના રત્ન રતનલાલજીની પરિચયાત્મક વાતો કરી. સત્સંગ બાદ સ્તુતિ, ભજન પછી પ્રણામ. પ્રસાદ લઇ સૌ વિદાય થયા.

પૂ. શ્રીએ ભોજનમાં ચોખાની કણકી, દૂધ ને કેળાનું શાક લીધું, આવતીકાલે શું ભોજન બનાવવાનું તે પૂછવામાં આવતાં કંસાર, શીરો, દાળભાતનું સૂચન થયું. તો પૂ. શ્રીએ એ વાતને નકારતાં કહ્યું કે જીભ ઉપર મારે તો ભારે સંયમ છે. દરેક ઇન્દ્રિયો પર સંયમ છે, તેથી જ તો મહાત્મા બનાયું છે. હમણાં તો સાદું જ ભોજન લેવાનું જરૂરી છે. વગેરે વાતો થઇ. દૂધ પીને વિશ્રામ કર્યો.

( ક્રમશઃ )

○

પ્રભુવિણ જે કંઇ અન્ય તે, જાણો સૌ દુઃખરૂપ;
કાં હમણાં કે કાં પછી, પાડે તે ભવકૂપ. નાથભગવાન્

IS:10001

ઓ. : ૨૫૬૬૮
ફે. : ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૨

Statement about the ownership and other particulars about magazine **'ADHYATMA'** monthly to be published in the issue every year after the last day of February.

## Form–IV ( See Rule–8 )

1. Place of Publication : 'PARAMDHAM.' plot No. 1688 B, Sardar nagar, Bhavnagar–1
2. Periodicity of its publication : Monthly.
3. Printer's name, Nationality and address : Narayan H. Jani, Indian. Plot No. 1688–B Sardarnagar, Bhavnagar.
4. Publisher's name, Nationality and address : Same as above.
5. Editor's name, Nationality and address : Same as above.
6. Name and addresses of individual who own the magazine and Partners, share–holders holding more than one percent of the total capital. The Magazine is owned by Pujya Maa Sarweshwari Sarva Mangal Charitable Trust, Naranpura, Ahmedabad–13

I, Shri Naratan H. Jani, hereby declare that the particulars given above are true to the best of my Knowledge and belief.

Dated. 10 th, March 1992

Narayan H. Jani
Publisher.

### શ્રી ભગવાનનો વિભૂતિ અવતાર

# મહાત્મા યોગેશ્વરજી

ભાગવતાચાર્ય જનાર્દનભાઈ દવે

સ્કંધપુરાણમાં ને અન્યત્ર મહાત્માઓની સ્તુતિ કરતો એક શ્લોક છેઃ–

कुलं पवित्रं जननी कृतार्था वसुंधरा पुण्यवतीच तेन ।
विमुक्तिमार्गे सुखसिन्धुमग्नं लीनं परे ब्रह्मणि यस्य चेतः ॥

મુક્તિમાર્ગમાં સુખસાગરમાં પરબ્રહ્મમાં જેનું ચિત્ત સતત નિમગ્ન રહ્યાં કરે છે તેવા પુરુષનો જન્મ થતાં કુળ પવિત્ર થાય છે, માતા કૃતાર્થ બને છે, અને જન્મભૂમિની ધરતી પુણ્યવતી બને છે. વિષ્ણુપુરાણ કહે છે કે "आस्फोटयन्ति पितरः नृत्युन्ति च पितामहाः વૈષ્ણવ મહાપુરુષ જેના કુળમાં જન્મે છે તેના પિતૃઓ તાળીઓ પાડે છે ને પિતામહો નૃત્ય કરે છે કે અમારા વંશમાં મહાપુરુષ જન્મ્યા તો હવે તરી જશું."

મહાત્મા યોગેશ્વરજી આવા ઘણી ઊંચી કોટિના મહાત્મા પુરુષ તો હતા જ, પણ તેથી યે આગળ કહું તો તેઓ ભગવાનનો વિભૂતિ અવતાર હતા. શ્રીમદ્ ભાગવતમાં સૂતજી કહે છે "મનુઓ, મહાન ઓજસ્વી મનુપુત્રો, પ્રજાપતિઓ, ઋષિઓ, દેવો આ બધા શ્રીહરિના કલા અવતારો છે" (પ્રથમસ્કંધ, ૩–૨૭) ભાગવતજીના પ્રબુદ્ધ ચિંતક મનિષી વ્યાખ્યાકારોએ આ શ્લોક પરની વ્યાખ્યામાં શ્રી ભગવાનના અવતાર પ્રકારો બતાવ્યા છેઃ–

(૧) **પૂર્ણાવતારઃ**–સંપૂર્ણ ઐશ્વર્ય, સંપૂર્ણ શક્તિઓની સાથે



પ્રાગટ્ય–અને જગતને પૂર્ણતાની પ્રતીતિ કરાવે તેવો અવતાર–શ્રીકૃષ્ણ ભગવાન.

(૨) **મર્યાદા અવતારઃ**–વેદાદિ શાસ્ત્રોની મર્યાદાઓ ડગલે ને પગલે સંપૂર્ણ પાળી ધર્મમર્યાદા કેમ પાળવી તે દર્શાવવા થતો અવતાર–દા. ત. શ્રીરામચંદ્રજીમહારાજ જેમને આદિ કવિ મહર્ષિ વાલ્મીકિ रामो विग्रहवान् धर्म. શ્રીરામ એટલે જ મૂર્તિમાનધર્મ, શરીરધારી ધર્મ.

(૩) **અંશાવતારઃ**–જેમાં ભગવાનના અનંત ઐશ્વર્ય, અનંત શક્તિઓમાંથી અમુક અંશ જ પ્રગટ કરીને બાકીનો ભાગ તિરોહિત રાખ્યો હોય તેવા અવતાર જેમકે શ્રીવરાહ, શ્રીનૃસિંહ, શ્રીમત્સ્ય, શ્રીકૂર્મ વગેરે અવતારો જેમાં જે જે અવતાર કાર્ય હતાં તેટલા પૂરતું જ અંશથી ભગવત્ સત્તાનું દર્શન કરાવ્યું.

(૪) **વિભવ અવતારઃ**–જેમાં કોઈક ચોક્કસ વિભૂતિમત્તા પ્રગટ કરી હોય, ગીતાજીના દસમા અધ્યાયમાં વિભૂતિઓ ગાઈ છે તેમાં "શ્રી, ઐશ્વર્ય, સત્ત્વ, ઉર્જિતતા, અનુભવાય તે મારી જ વિભૂતિઓ છે એમ ભગવાન ઉપસંહાર કરતાં કહે છે. આવા વિભૂતિરૂપ અવતાર શ્રીનારદજી, શ્રીવ્યાસનારાયણ, ભગવાન આદિશંકરાચાર્ય વર્તમાન યુગમાં શ્રીસમર્થ રામદાસજી, શ્રીરામ-કૃષ્ણદેવ, શ્રીરમણ મહર્ષિ, શ્રીનિત્યાનંદ અવધૂત, શ્રીઆનંદમયી મા, શ્રીરંગ અવધૂત, શ્રીપાદ શ્રીવલ્લભ, શ્રીનૃસિંહ સરસ્વતીજી, શ્રીપરમહંસ યોગાનંદજી અને આપણા શ્રીયોગેશ્વરજી વિભૂતિ અવતાર યા વિભવ અવતાર કહેવાય.

(૫) **કલા અવતારઃ**–શ્રીભગવાનમાં અગણિત કલાઓ છે તેમાં ચોસઠ મુખ્ય છે. એમાંની. કોઈ કલા લઈને પ્રગટ થયેલ

અવતાર કલા અવતાર કહેવાય છે. શ્રીવ્યાસ ભગવાનને ભાગવતજીએ કલા અવતાર કહ્યા છે. **वासव्यां कलया हरेः ।**

(૬) **આવેશ અવતાર:**–જન્મથી અવતાર નહિ પણ ભગવાનના અમુક સંકલ્પને સિદ્ધ કરવા માટે કેટલોક સમય શ્રીહરિનો આવેશ થતો. તેટલા સમય સુધી અવતાર મનાયેલા શ્રીપરશુરામજી વગેરે આવેશ અવતાર ગણાય છે.

(૭) **વ્યૂહાવતાર:**–શ્રીવાસુદેવ, શ્રીસંકર્ષણ, શ્રીપ્રદ્યુમ્ન અને શ્રીઅનિરુદ્ધ આ ચાર અથવા શ્રીરામ, શ્રીલક્ષ્મણ, શ્રીભરત અને શ્રીશત્રુઘ્ન આ ચાર વ્યૂહાવતાર કહેવાય છે.

(૮) **શ્રીઅર્ચાવતાર:**–આપણા ઘરમાં કે મંદિરમાં વિરાજતા શ્રીશિવલિંગ, શ્રીસૂર્ય, શ્રીગણપતિ, શ્રીશાલિગ્રામજી, શ્રીભગવતી, શ્રીગુરુદેવ ભગવાનનું ચિત્ર, મૂર્તિ, વગેરે આપણા ઉદ્ધાર માટે પરબ્રહ્મના પ્રતીકરૂપે આપણી પૂજા ઉપાસના સ્વીકારવા બિરાજે છે તે અર્ચાવતાર કહેવાય છે.

આ અવતાર મીમાંસા ઉપોદ્‌ઘાતરૂપે લઈ. હવે આપણે શ્રીયોગેશ્વરજી શા માટે વિભૂતિ અવતાર કહેવાય તે સંક્ષેપમાં મુદ્દાસર જોઈશું.

(૧) **અહિંસા:–શમાદિ યમ નિયમોની મૂર્તિમંદ પ્રતિષ્ઠારૂપ વિભૂતિ:**–મહાત્માજીમાં યોગસૂત્રમાં ભગવાન પતંજલિએ વર્ણવેલ યમ–નિયમો–વ્રતો આપણે સૌએ સુપ્રતિષ્ઠિત થયેલાં નિહાળ્યાં છે. એમના જીવનકાળમાં એમનો મહિમા ન ઓળખીને ઉપદ્રવો કરનારા કે તેમનું અપમાન કરનારાઓ સાથે પણ એમણે સામે, શરીર, વાણી મનથી દુર્વ્યવહાર નથી કર્યો પણ એમની કલ્યાણ કામના સેવ્યાંજિ ઉદાહરણો "પ્રકાશના પંથે"માં છે. એમની



સાધનાવસ્થાનું ઊંડું અવલોકન કરતાં આ સાધક અવસ્થામાં કેટલી બધી આધ્યાત્મિક ઊંચાઈ એમનામાં અનુભવાઈ છે!

(૨) **વાગ્મિતા અને વક્તૃત્વમહિમા વિભૂતિ:**–શ્રીયોગેશ્વરજીને જેમણે પ્રત્યક્ષ અનેક શાસ્ત્રીય વિષયોપર બોલતા સાંભળ્યા છે તેઓ જાણે છે કે તેમને સરસ્વતી સિદ્ધ હતાં. અટક્યા વિના, સ્ખલિત થયા વિના, લથડયા વિનાનો અવિરત, શુદ્ધ, પ્રાંજલ વાક્‌પ્રવાહ એમના શ્રીમુખે વિના પ્રયત્ને વહેવા લાગે. શબ્દો બરાબર યોગ્ય સ્થાને યોગ્ય રીતે જ આવે, જે વિષય પસંદ કર્યો હોય પછી તે યોગ, વેદાંત, ભક્તિ કોઈ પણ શાસ્ત્રનો અઘરામાંથી અઘરો હોય તોપણ પ્રમાણ પુરઃસર, તર્કબદ્ધ, અસરકારક રીતે, સચોટતાથી ક્રમશઃ વિકસાવતા જઈ શાંતિપૂર્ણ ઉપસંહાર પર આવી જવાની વાક્‌પટુતા, અનેક ગ્રંથ રચનાઓ, કવિતાઓ, પદરચનાઓ આ બધામાં તેમનો વાક્વૈભવ પ્રગટ થતો. આવી શુચિ, નિર્મળ અનવદ્ય વાણી એ એમની વિભૂતિમત્તાની સાક્ષી છે.

(૩) **શ્રીજગદંબા સાથે આત્મીય ઓતપ્રોતતા:**–ભગવાનની વિભૂતિઓ સંસારમાં રહે, હરેફરે, અનેક કાર્યોમાં ગૂંથાયેલા વ્યસ્ત રહે પણ એમનું પરમ ચેતના, જગદંબા સાથે સતત અનુસંધાન જોડાયેલું રહે–સર્વ નાના મોટા નિર્ણયો એ પારમેશ્વરી શક્તિના ક્ષણમાત્રના સંપર્કથી લેવાય, અને આ ભગવતી અનુપ્રાણિત વ્યક્તિના નિર્ણયો કેટલા સાચા હતા તે પછીથી સાથીઓને સમજાય–એ આપણે પૂ. શ્રી સર્વેશ્વરી માની દૈનંદિનીમાંથી અને સાથે રહેલ અન્ય ભક્તોના અનુભવથી જાણીએ છીએ. આમ બાહ્યરીતે સ્થૂળ જગતમાં સ્થૂળદેહથી વિચરણ પણ સૂક્ષ્મજગતમાં પરમાચિતિ સાથે તાદાત્મ્યભાવ એ વિભૂતિ અવતારનું પરિચાયક છે.

**(૪) નિસ્પૃહતા, નિર્મમતા, અને તજન્ય અસંગભાવઃ–** ભગવાનના સંકલ્પથી સમયે સમયે વિવિધ આધ્યાત્મિક આંદોલનો જગતભરમાં પ્રસરાવવા પ્રભુપ્રેરિત અવતારો પાંચભૌતિક દેહ ધરીને આવે, પણ દેહ સ્વજનો, સ્થળ, વ્યક્તિઓ, કોઈ પણ સાથે કોઈ સ્પૃહા, મમત્વ, સંગભાવ આવા પુરુષોને હોતા નથી. પૂજ્ય શ્રી જ્યોતિર્મયી માની પોતે સતત કાળજીપૂર્વક સેવા કરી, દેહ-વિલય પછીની બધી જ વિધિઓ કરાવી પણ મમત્વભાવના રહિત કર્તવ્યબુદ્ધિથી આ બધું કર્યું, સાધનાવસ્થામાં પૂ. શ્રી સર્વેશ્વરી માને પણ સાધનોની સમજૂતિ આપતાં ને નિયમિતતાની પાબંદી અંગે ટકોર કરીને સિદ્ધાવસ્થા પર પહોંચાડયા ને તેમનાથી અભિન્ન હતા તો યે તેમનામાં પણ મહાત્માજીએ વાસનાજનિત મમત્વ કે આસક્તિને સમીપમાં આવવા દીધા નથી.

**(૫) શુચિતા, સરલતા, મુદિતા અને મૈત્રીભાવનાનું·વિભૂતિ-દર્શનઃ–**બહારથી શારીરિક અને આભ્યંતરમાં માનસિક શુચિતા = પવિત્રતા—સ્ફટિક જેવું નિર્મળ, નિર્દંભ, સરળ વ્યક્તિત્વ આ શુચિતાનું પરિણામ છે. આવી શુચિતા, માર્દવ અને સરલતા છતાં કોઈ જરા પણ અયોગ્ય ચેષ્ટા સાહસી વર્તન દર્શાવે તો પોતે વિના વિલંબે પોતાના જબરદસ્ત પ્રભાવથી તેવા વર્તનને તત્ક્ષણ ડારે, અટકાવે અને લેશમાત્ર ક્ષોભ વિના, બીજાઓ પોતાના માટે શું વિચારશે તેની પરવા રાખ્યા વિના સ્પષ્ટ શબ્દોથી ને સાંકેતક અણગમાથી ગૌરવભંગ ન થવા દે તેવું સૌએ અનુભવ્યું છે. મૈત્રીભાવથી પ્રપૂરિત એમના સ્વભાવનું દર્શન પણ અનેકવાર સૌએ કર્યું છે. પ્રાણીમાત્રના એ પરમમિત્ર હતા. આમ છતાં ક્યાંય અહમહમિકા—અહંભાવ અને હઠાગ્રહો એમણે સેવ્યા નથી.



**(૬) કઠોર તપશ્ચર્યાનું વિભૂતિમત્વઃ–**દિવસો સુધી, મહિનાઓ સુધીના કઠોર ઉપવાસ, એક આસને સ્થિતિ, ધ્યાન સાધના, પ્રભુમિલનની તીવ્ર આતુરતા, ઝંખના, ઈશ્વરાનુગ્રહ ને ઈશ્વરદર્શન માટેની દૈહિક ને ચૈતસિક તપશ્ચર્યા પણ સૌને સુવિદિત છે. **ઈશ્વર આપણી પાસે જ છે, અત્યારે જ છે, આપણી આસપાસ છે, આપણી અંદર છે, ને આપણારૂપ જ છે** પણ તેની અનુભૂતિ સંસારને બાથ ભીડી રાખીને, વાસનાઓની વચ્ચે રહીને કદાપિ ન થાય, એને માટે શું શું છોડવું પડે? કેવાં સાધનાના તલવારની ધારે ચાલવું પડે એ મહાત્માજીએ આપણને પોતાની દ્વારા દર્શાવી દીધું છે.

આવી હજુ અનેક વિભૂતિઓ—દૃષ્ટાંતરૂપે વર્ણવી શકાય પણ ભગવાનની વિભૂતિઓને માપવા આપણી ફુટપટ્ટીઓ અને તે પણ એકાદ નાના લેખમાં કેટલી ચાલે? **पुनश्च भूयोऽपि नमो नमस्ते ॥** ફરી ફરી આપને પ્રણામ.

**ક્ષમા કરે**

ફેબ્રુ. ૯૨ ના અધ્યાત્મના અંકના પાના ૪૧ ઉપર ધ્યાન–સાધના શિબિર અંગેની નોંધમાં અસાવધાનીથી તા. ૧૮ માર્ચ થી ૨૨ માર્ચ સુધીના આયોજનમાં ભારતીય તિથિ પ્રમાણે ચૈત્ર સુદ એકમથી પાંચમ લખાઈ ગયું છે. ખરું જોતાં વિક્રમ સંવત પ્રમાણે આ દિવસો ફાગણ સુદી ૧૫ થી (હોળીના દિવસથી) ફાગણ વદ ૪ સુધીના લખવા જોઈતા હતા. પ્રૂફ વાંચનના સમયે અમારી અનુપસ્થિતિને લીધે આ ક્ષતિ રહી જવા પામી, તો વાંચકો ક્ષમા કરે.

—તંત્રી

# એ મૂર્ખાઇ કરવા જેવી નથી

શ્રીગોરધનભાઇ કલોલા

જીવનને સાત્ત્વિકતાથી મઢવાને બદલે દાંભિક ચળકાટથી મઢીએ એ મૂર્ખાઇ નથી તો બીજું શું છે? પ્રભુપ્રેમના પ્રાપ્ત થયેલા મણિને હાથે કરીને ખોઇ નાખીએ, સંસારના કાદવથી રગદોળી નાખીએ તો શું એ આપણી મૂર્ખાઇનું પ્રદર્શન નથી? સદ્‌ગુરુની કૃપા થકી પ્રાપ્ત થયેલ પ્રભુકૃપાના અમૃતકુંભને ઊંધો વાળી દઇ તેમાં સંસારના ખારા ખારા ઊસ જેવા જળ ભરવાનો પ્રયત્ન કરીએ તો પછી મૂર્ખ શિરોમણિનું બિરૂદ આપોઆપ જ મળી જાય છે ને? પ્રાપ્ત થયેલા સુવર્ણ અવસરને આપત્તીકાળની આંધિમાં પલટી નાખવાનું નોતરું સામેથી આપીએ તો કોને દોષ દેવા જઇશું? સત્સંગના યોગ વખતે જ ભોગ ભોગવવાનું સૂઝે તે મનની મેલી મુરાદને આપણે ક્યારે ઓળખશું? ભોગનાં પ્રચંડ પૂર ચાલ્યાં જાય છે. પાછળ જીવનને ખંડિયેર હાલતમાં વેરણ-છેરણ કરી દે છે. ખરેખર, જીવનને આપણે વિચારપૂર્વક ગંભીરતાથી જીવતા નથી, જીવનવહાણ ભોગના ખડકો સાથે અથડાઇ કુટાઇ ને ભાંગી જાય છતાંય આપણે જાગૃત થતા નથી. મોહના કેફમાં પ્રાપ્ત થયેલું પણ વિસરી જઇએ છીએ. આ ક્ષણભંગુર જીવન ક્યારે કાળની ગતિમાં ધકેલાઇ જશે તેની શું ખબર પડે? કાચના કૂપા જેવી કાયા અચાનક જ ફૂટી જાય છે. પાછળ વેરાયેલા કાચના ટૂકડાઓ જીવનની કરુણ કથા કહી જાય છે.



અહીં આપણે અકાળે આથમી ગયેલા એક યુવાનના જીવન સૂર્યાસ્તમાંથી ઉજાસ મેળવવાનો છે. એમનું નામ ગોવિંદભાઇ! સાત્ત્વિક અને સંસ્કારી જીવનની આભાથી જીવનને શોભાવ્યું. વિદ્યાર્થી અવસ્થાથી જ સત્સંગની રૂચિ. મોરબી કોલેજમાં અભ્યાસ કરતા ત્યારે પૂ. શ્રી યોગેશ્વરજીનાં પ્રવચનો સાંભળતા અને તેમણે પ્રસ્થાપિત ધ્યાન કેન્દ્રમાં પણ નિયમિત હાજરી આપતા. સત્સંગના દરેક કાર્યક્રમોમાં ઉત્સાહપૂર્વક ભાગ લેતા. અભ્યાસમાં ખૂબ જ તેજસ્વી, ડાયરેક્ટ ડેપ્યુટી ઇજનેરની પરીક્ષામાં પાસ થઇ ડેપ્યુટી ઇજનેર તરીકે કેશોદ વિસ્તારમાં સરકારી નોકરી કરતા. સંસ્કારી, ગુણીયલ જીવનસંગીની થકી ગૃહસ્થાશ્રમ શોભી રહ્યો! બાળગોપાલોના મીઠા કલરવથી ગૃહજીવન ગુંજવા લાગ્યું! કોઇની પણ જોઇને આંખ ઠરે. તેવું સુખી સંસારજીવન હતું. પદ, પ્રતિષ્ઠા, પૈસા શું ન હતું? હા, પહેલા જેટલી સત્સંગ રૂચિ હવે રહી ન હતી. સંસાર અને કાર્યરતજીવનનો વ્યાપ વધ્યો હતો. જીવનરસના નવાં કેન્દ્રો ખુલે એટલે સત્સંગરસ સુકાવા લાગે. હા, હજુ મનમાં શ્રદ્ધાભક્તિ અખંડ હતી, છતાં સમય ફાળવી શકાતો ન હતો! જીવનપ્રવાહ વેગવંત વહી રહ્યો હતો, તદન નિરામય અને પ્રફુલ્લિત! પણ કાળના ગર્ભને કોણ જાણી શક્યું છે? એક નાનકડા અકસ્માતે જીવનના અ માનોને રોળી નાખ્યાં! કાન પાસે થયેલી એ ઇજાની સારવાર લેતાં કેન્સરના અસાધ્ય દર્દનું નિદાન થયું! ઓપરેશન થવા છતાં કંઇ ફેર પડયો નહીં. જીવન આકાશમાં વ્યથાના વાદળાઓ વીંટળાઇ વળ્યાં!

ઘડી પહેલાં નંદનવન લાગતું જીવન જાણે વેરાનરણ જેવું

બની ગયું. નિષ્પાપ લાગતું જીવન અચાનક જ કાળના પંજામાં સપડાઇ ગયું! આમ કેમ થતું હશે તે શું જાણીએ? આપણા હાથની એ વાત નથી. કર્મનાં ગહન રહસ્યો પોતાની રમત રમીનેજ જંપે છે. પણ જે આપણા હાથની વાત છે, હરિનામ લેવાનું તે કોણ જાણે કેમેય સૂઝ્યું નથી, અંતર તો મનના બારણે ટકોરા માર્યા કરે છે પણ ભૌતિકતાના ભંગારને એકઠો કરવામાં એવા તો મશગુલ કે પાસેજ પડેલા પારસમણિ તરફ નજર સુદ્ધાં કરતા નથી! કેવી દયનીય સ્થિતિ કહેવાય આપણી!

કેન્સરની અસાધ્ય માંદગી નિમિત્તે શ્રી ગોવિંદભાઇના સત્સંગના સંસ્કારો ફરી જાગ્યા. તેઓ સત્યપથમાં પૂ. માના દર્શને આવ્યા. પૂ. મા તો ત્રિકાળજ્ઞ પરમપુરુષ, તેમણે લાખ દુઃખોની એક દવા એવા હરિસ્મરણ માટે એક નાનકડી જપમાળા આપી. આ પૂ. માની કૃપાપ્રસાદીએ અસ્ત થતા જીવનનો જાણે ઉદ્ધાર કર્યો, મૃત્યુ સમીપ જ હોવા છતાં તેમણે જે શાંતિ અને સ્વસ્થતાનો અનુભવ કર્યો તે સ્વાનુભવ તેમણે પૂ. માને પત્રમાં લખ્યો છે. પૂ. માની કૃપા થકી મૃત્યુને હાથમાં રાખીને પણ કેમ હસી શકાય છે તે એહસાસ પત્રમાં અનુભવી શકાય છે. એ પત્ર આપણા સૌના માટે ભારે પ્રેરણાદાયી છે. મૃત્યુના આરે બેઠેલા માણસનું મન નથી બોલતું, પણ અંતર બોલતું હોય છે. તે અંતરની આરતને આપણે પણ અંતરથી સાંભળીને જાગી જઇએ અરે! જીવન સંધ્યાએ પણ જાગી જવાય તોય શું ખોટું છે? લાભ જ લાભ છે. લાભ લેતાં આવડે તો મૃત્યુ પણ લાભદાયક જ છેને! ચાલો ત્યારે રળી લઇએ એ લાભને! આ રહ્યો તે અંતિમ પત્ર!



કેશોદ, તા. ૨૦/૬/૯૧

**પરમ વંદનીય, પ્રાતઃસ્મરણીય પૂ. મા**

કેશોદથી ગોવિંદભાઇના આપનાં શ્રી ચરણોમાં કોટિ કોટિ દંડવત!

મારી અસાધ્ય કેન્સરની બીમારીનો વ્યાપ વધતો જાય છે. આમ હું નિશ્ચિત મૃત્યુ તરફ જઇ રહ્યો છું, છતાં હું અમદાવાદ સત્યપથમાં આવ્યો ત્યારે અચાનક જ મળેલ નાની માળા આપના તથા પ્રભુના સ્મરણમાં મનને રાખે છે, જેથી મૃત્યુનો ભય લાગતો નથી. મારા અંતિમ શ્વાસ સુધી જીભ તથા હૃદયમાં મા–પ્રભુનું સ્મરણ રહે એટલી ઇચ્છા રહી છે, તો તે કૃપા પણ કૃપાળુ મા કરશે તેવી શ્રદ્ધા છે. મારા મૃત્યુ બાદ મારાં પત્ની તથા બાળકોની આજીવિકાની વ્યવસ્થા અત્યારથી જ કરી રાખી છે, જેથી હું કુટુંબને નિરાધાર છોડી જઇ રહ્યો નથી એનો આનંદ છે, અને તે વ્યવસ્થા પણ મા–પ્રભુની ગુપ્ત મદદ તથા પ્રેરણાથી જ થઇ શકેલ છે.

મેં આ જન્મમાં મા–પ્રભુની કરવી જોઇએ તેટલી ભક્તિ કરી નથી તે મારી મૂર્ખાઇ અત્યારે મને સમજાય છે, પરંતુ હે મા, કૃપા કરી પુનઃજન્મ વખતે મને આપનાં શ્રી ચરણે સ્વીકારી લઇ ખૂબ ખૂબ ભક્તિભાવ આપશો તેવી અપેક્ષા રાખું છું.

લી. ગોવિંદભાઇના સાદર દંડવત પ્રણામ

આ ફક્ત પત્ર નથી, પરંતુ મૃત્યુના મુખમાં બેઠેલા એક યુવાનનો અમુલખ, યાદગાર, હિંમત પ્રેરતો, પ્રેરણાદાયી દસ્તાવેજ છે. આપણા સૌને માટે ઉપયોગી જીવન ભાથું તેમાં ભરેલું છે. અકાળે અસ્ત થઇ રહેલા એ જીવનમાં પરમપુરુષોની કૃપા કેવું

ઓજસ પાથરી શકે છે, કેવી ઊંડી શાંતિ અને સ્થિરતા બક્ષી શકે છે. તે કૃપાપ્રસાદીની કમાલ તેમણે કબૂલી છે. એક નવયુવાન હૈયામાં કેટકેટલા અરમાનો આવિર્ભાવ પામવા થનગનતા હોય ત્યારે, અચાનક મોતની આલબેલ મનને કેટલું ચંચલ અને અસ્થિર કરી નાખે? વિષાદના વમળમાં ગુંગળાઈ જવાય એવી અવસ્થામાંથી પૂ. માની કૃપાએ એમને ઉગારી લીધા છે. તેઓ પત્રમાં લખે છે કે આ માળાની પ્રસાદી પછી હવે મૃત્યુનો ભય લાગતો નથી. તેમણે મૃત્યુને સહર્ષ સ્વીકારી લીધું છે. પૂ.માની કૃપા થકી તેમનું મૃત્યુ મંગલમય બની ગયું છે, તેનો તેમને આનંદ છે.

પત્રમાં તેમણે જે અફસોસ વ્યક્ત કર્યો છે તે આપણી આંખ ઉઘાડી નાખે તેવો છે. તેઓ પત્રમાં અંતરથી કબુલતાં લખે છે "મેં આ જન્મમાં પૂ. મા–પ્રભુની કરવી જોઈએ તેટલી ભક્તિ કરી નથી તે મારી મૂર્ખાઈ અત્યારે મને સમજાય છે." આપણા સૌને માટે આ અતિ અગત્યની વાત તેમના પત્રમાંથી ગ્રહણ કરવા જેવી છે. સમય અને સંજોગો અનુકૂળ હોય એટલે આપણે આપણા ભૌતિક જીવનનો વ્યાપ વધારતા જ જઈએ છીએ, પણ, પ્રભુપ્રેમનો વ્યાપ વધારવાની વાત આ ભૌતિકતાની ઝાક ઝમાળમાં વિસરી જઈએ છીએ. આ પ્રવૃત્તિમય જીવનની ધમાલ જીવનની શાંતિ અને સ્થિરતાના પાયાને ધ્રૂજાવી નાખે છે. વિદ્યાર્થી અવસ્થામાં તેમણે સેવેલી શ્રદ્ધા અને સાધેલી સાધના પછીના કાર્યરત જીવનમાં છેક જ ક્ષીણ થઈ જાય છે. એવી કલ્પના તો કોઈનેય ક્યાં હોય છે કે આમ અચાનક મૃત્યુનો ભેટો અડધે રસ્તે થઈ જશે! "જીવન ક્ષણભંગુર છે, તેનો કંઈ ભરોસો નથી." એવી વાતો તો આપણે સત્સંગમાં ચર્ચવા પૂરતી મર્યાદિત રાખીએ છીએ, પણ એ ક્ષણભંગુરતાનો સામનો કરવાની તૈયારી આપણે



બિલ્કુલ કરતા નથી.

જીવનનો હિસાબ હરપળે મોકળો રાખવાની આપણને ટેવ નથી, એને લીધે ગોટાળાઓ અને મૂંઝવણ સર્જાય છે. પ્રભુ ગમે ત્યારે દરોડો પાડી શકે છે પણ આપણો જીવન ચોપડો ચોક્ખો હશે તો ખોટી દોડાદોડ નહીં કરવી પડે, મૂંઝવણ નહીં અનુભવવી પડે. જીવનાકાશમાં બંને પાંખોથી ઉડવું જોઈએ, આધ્યાત્મિક અને ભૌતિક! મંઝીલે પણ સમયસર પહોંચાશે અને થાક પણ નહિં લાગે.

તાત્પર્ય એક જ છે કે પ્રભુપ્રેમના જે સંસ્કારો આપણને મળ્યા હોય તેને નવ પલ્લવિત કરતા જ રહેવું જોઈએ. જ્યાં પણ આપણી સહજ શ્રદ્ધા જાગી હોય તેને જીવંત રાખવી જોઈએ. શ્રી ગોવિંદભાઈનો આ કોઈ સાધારણ પત્ર નથી, પરંતુ પ્રભુપંથના પથિકો માટે વારસામાં અણમોલ વિરાસત મૂકી ગયા છે. સત્સંગીઓ માટે એક સત્સંગીનું વીલ છે, અંતરનો એકરાર છે. એમણે રાહ ચીંધ્યો છે કે શ્રદ્ધા અખંડ રાખો. પ્રભુપ્રેના સંસ્કારોની જાળવણી સતત થવી જોઈએ. દેહ પાંત્રીસ વર્ષે પડે કે જીવનસૂર્ય એંસી વર્ષે આથમે. પણ ભક્તિના પીઠબળ વિનાનું જીવન મૂર્ખતાની પારાશીશી બનાવતું રહેશે. જીવન બારણે મૃત્યુ અચાનક ટકોરા પાડે ત્યારે અફસોસ કરવો પડે તે મૂર્ખાય કરવા જેવી નથી, આ જીવનપતંગ ક્યારે ફાટી જાય શું ખબર પડે? એટલે જ બ્રહ્માનંદજી આપણી આંખ્યે દેખ્યા અનુભવનું પ્રમાણ આપી ચેતવે છે.

આ તન રંગ પતંગ સરીખો, જાતાં વાર ન લાગેજી.
અસંખ્ય ગયા ધન સંપત્તિ મેલી, તારી નજરો આગેજી.

### શ્રી શ્રી મા આનંદમયીમાના જીવનની

# કેટલીક ચમત્કારી ઘટનાઓ

**મા પ્રેમી**

નિર્મળાસુંદરી (મા આનંદમયી)નાં લગ્ન ૧૧–૧૨ વર્ષની વયે આટપાડામાં રહેતા જગતબંધુ ચક્રવર્તીના પુત્ર રમણીમોહન સાથે થયેલ.

બાજીતપુરમાં રમણીમોહન જ્યારે ઢાકાની નવાબઝાદી પ્યારીબાનુની નોકરી કરતા હતા ત્યારે સંજોગોવશાત્ એ નવાબઝાદી આર્થિક સંકડામણમાં આવી પડી. ૧૯૨૪ માં બાજિતપુરનું કામ સમેટી લીધું અને રમણીમોહનને છૂટા કર્યા. તેઓ બેકાર બન્યા. નોકરી વિનાના રમણીમોહન નિર્મળાસુંદરીને લઇને ઢાકામાં એક ભાડાના મકાનમાં રહેવા ગયા. હવે નવી નોકરીની શોધ શરૂ થઇ પરંતુ ક્યાંયે મળી નહિ. તેમણે નિર્મળાસુંદરીને તેમના પિયર મોકલવાનું નક્કી કર્યું. નિર્મળાસુંદરીએ કહ્યું, "હવે મને ફક્ત ત્રણ દિવસ અહીં રહેવા દો. જો ત્રણ દિવસમાં તમને નોકરી ન મળે તો મને મારા મા–બાપ પાસે મોકલી દેજો. સાચે જ નિર્મળાસુંદરીની ભવિષ્યવાણી સાચી પડી. ત્રીજે દિવસે જ એપ્રિલ ૧૭, ૧૯૨૯ ના દિવસે તેમને ઢાકાના નવાબના શાહબાગમાં મેનેજરની નોકરી મળી ગઇ.

શાહબાગમાં રમણીમોહનને રહેવા માટે ત્રણ રૂમનું મકાન તથા બીજી સગવડો પણ મળી. પગાર પણ સારો નક્કી થયો. અને નિર્મળાસુંદરીને પિયર ન જવું પડયું, બંનેનું સાથે રહેવાનું શક્ય



બન્યું. તેમનું કામ શાહબાગમાં કામ કરતા મજૂરો ઉપર દેખરેખ રાખવી, પૂરેપૂરું કામ લેવું, હાજરી પૂરવી, પગાર આપવો અને જરૂર જણાય તો નવા મજૂરો નીમવા. આમ એ શાહબાગના 'જનરલ મેનેજર' બન્યા.

શાહબાગ ઢાકાના નવાબ ગનીમિયાંએ ઢાકા નજીક તૈયાર કરાવેલ. તેમાં આમોદ–પ્રમોદનાં બધાં જ સાધનો હતાં. બાગમાં ફળ–ફૂલનાં પુષ્કળ ઝાડ હતાં. વચ્ચોવચ્ચ 'નાચઘર' હતું. પાસે નિવાસસ્થાન હતાં અને પુષ્પોથી આચ્છાદિત નાનાં તળાવ હતાં. નહાવાના હોજ અને રમવાનાં સાધનો પણ તેમાં ઉપલબ્ધ હતાં. ટૂંકમાં 'શાહબાગ' નવાબ કુટુંબનો સુંદર મોટો બાગ હતો. નવાબ ગની મિયાંના અવસાન બાદ તેની પત્ની નવાબઝાદી પ્યારીબાનુ 'શાહબાગ'નો વહીવટ કરતી હતી ઢાકા તેમ જ કલકત્તામાં પણ તેની હવેલી હતી. પણ મોજમઝા કરવા એનું કુટુંબ અહીં આવતું. નવાબઝાદીને મિલ્કતના ઝગડા માટે કલકત્તાની કોર્ટોમાં જવું પડતું. ત્યાં કુટુંબ સાથે એ ઘણીવાર રહેતી. ઢાકાના રાયબહાદુર જોગેશચંદ્ર ઘોષ તેના ટ્રસ્ટી, સલાહકાર અને સહાયક હતા. તેમના જમાઇ ભૂદેવ બોઝ રમણીમોહનના મિત્ર હતા. તેમણે જોગેશચંદ્ર ઘોષને નિર્મળાસુંદરીની દૈવી શક્તિઓ વિષે વાતો કરેલ. તેનાથી પ્રભાવિત થઇ તેમણે રમણીમોહનને નોકરી મેળવવામાં મદદ કરી હતી.

એક દિવસ રાયબહાદુર જોગેશચંદ્ર ઘોષનો પુત્ર પ્રફુલ્લચંદ્ર શાહબાગમાં આવી રમણીમોહનને તતડાવવા લાગ્યો. "તમારા પત્નીને લીધે હવે અહીં બહુ જ મોટી સંખ્યામાં ગમે તેવા બહારના મુલાકાતીઓ આવે છે, તે સારું નથી. તેઓ બાગને ખરાબ કરે

છે અને અશાંતિ ઊભી કરે છે. હવેથી બહારના લોકોને આવતા અટકાવો." આ વાત સાંભળી રમણીમોહનને ક્રોધ આવી ગયો કારણ કે નિર્મળાસુંદરી પાસે આવનાર મુલાકાતીઓ ઉચ્ચ કુટુમ્બોના શિક્ષિત, સમજદાર લોકો હતા. વિનય અને વિવેકથી વરતતા હતા. તેથી રમણીમોહનને રાયબહાદુરના પુત્રનો ઠપકો કઠયો અને તેઓ રાજીનામું આપવા તૈયાર થઈ ગયા. પણ નિર્મળાસુંદરીએ માંડ માંડ વાળ્યા.

પ્રફુલ્લચંદ્રે ઘેર જઈને પોતાના પિતા સમક્ષ ફરિયાદ કરી, એટલે રાયબહાદુર પોતે તપાસ કરવા શાહબાગ આવ્યા. પણ કાંઈ બોલ્યા નહિ. ઉલટાનું તેમણે તો રમણીમોહનને અને નિર્મળા-સુંદરીને ઢાકા આવી પોતાને ત્યાં ભોજન લેવા નિમંત્રણ આપ્યું. બંનેએ તે સ્વીકાર્યું. બીજે દિવસે તેઓ રાયબહાદુરને ત્યાં ગયાં અને પ્રેમપૂર્વક જમ્યાં.

કલકત્તાની કોર્ટમાં નવાબઝાદી પ્યારીબાનુનો કેસ ચાલતો હતો અને ત્યાંના ન્યાયાધીશનું વલણ સાનુકૂળ ન હતું. ભોજન પછી રાયબહાદુરે રમણીમોહનને વિનંતી કરી કે અમારા તદ્દન સાચા અને ન્યાયસંગત કેસને જીતાડવામાં જો નિર્મળાસુંદરી પોતાની શક્તિનો ઉપયોગ કરવાની કૃપા કરે તો અમે આભારી થઈશું. ભોળા અને સરળ રમણીમોહન આ વાત સાંભળી દ્રવી ગયા. તેમણે નિર્મળાસુંદરીને કેસની વિગતો કહી સંભળાવી અને નવાબઝાદીને ન્યાય મળે તેવું કરવાનું દબાણ કર્યું. નિર્મળાસુંદરી પતિવ્રતા નારી તરીકે પોતાના પતિના આદેશનું શબ્દશઃ પાલન કરતાં હતાં. તેમણે ધગધગતો અંગારો મંગાવ્યો. તેને પોતાની હથેળીના પાછલા ભાગ પર મૂક્યો અને કહ્યું, "નવાબઝાદી



પ્યારીબાનુ કેસ જીતશે જ." ખરેખર કોર્ટનો ફેંસલો નવાબઝાદીના પક્ષમાં આવ્યો. એ જીતી ગઈ. રાયબહાદુર રાજી થઈ ગયા. ઘણા દિવસ પછી નિર્મળાસુંદરીએ પોતાની હથેળી પર અંગારો મૂકવાની વાતની સ્પષ્ટતા કરી કે "અમુક ક્રિયા કરવાથી તેનું દૂરગામી પરિણામ આવે જ છે. સાધકને જ્યારે કોઈકના માટે કંઈક કરવાનું હોય છે અને તેમાં યૌગિક શક્તિનો ઉપયોગ કરવો પડે છે ત્યારે તેનું પ્રાયશ્ચિત્ત પણ કરવાનું હોય છે. આ શરીર કોકવાર બીજા માટે કંઈક કરે છે ત્યારે તેનું કપરું પ્રાયશ્ચિત્ત પણ કરે છે. નવાબઝાદીના કેસ માટે ધગધગતા અંગારાથી હાથ દઝાડી આ શરીરે પ્રાયશ્ચિત્ત કર્યું."

(૨)

શાહબાગમાં એક દિવસ રાત્રિના સમયે કીર્તનની રમઝટ જામી હતી. નિર્મળાસુંદરી અચાનક ભાવાવસ્થામાં ઊભાં થઈ ગયાં. ફૂદડીની જેમ કીર્તનમાં ફરવા લાગ્યાં. મુખ પર અસાધારણ તેજ હતું. થોડી વાર ફર્યા પછી કીર્તનમાંથી બહાર નીકળી ઝડપથી અંધારામાં ઉગમણી દિશામાં ગયાં. નજીક જ અરબસ્તાનના ફકીરની કબર હતી. ત્યાં પહોંચ્યાં. મૌલવી જૈનેદી હુસેન પણ કીર્તનમાં નિર્મળાસુંદરીનાં દર્શન કરી અહીં આવ્યા હતા, અને કબર પાસે ઊભા હતા. નિર્મળાસુંદરી તેમની પડખે જઈને ઊભાં રહ્યાં. ફાનસ લઈને તેમને શોધતા બીજા બે–ચાર ભાઈ ત્યાં આવી ગયા. નિર્મળાસુંદરીએ મૌલવી સાહેબના ખભા પર હાથ મૂક્યો અને તેમને લઈને કબરની પ્રદક્ષિણા કરવા લાગ્યાં. પછી તેમનાં મોંમાંથી કુરાન શરીફની આયાતો નીકળી. સ્પષ્ટ, શુદ્ધ અરબી ભાષામાં તેઓ એક પછી એક આયાતો બોલવા લાગ્યાં. અવાજ

બુલંદ હતો. કંઠ મધુર હતો. નિર્મળાસુંદરીના કુરાન શરીફના ઉચ્ચારણ સાંભળી મૌલવી સાહેબ દિંગ થઇ ગયા. વિચારમાં પડી ગયા કે ક્યારે નિર્મળાસુંદરી કુરાન શરીફ શીખ્યાં, ક્યારે બધું કંઠસ્થ કર્યું અને ક્યારે આમ બોલવાનો અભ્યાસ કર્યો. એટલામાં નિર્મળાસુંદરી મુસ્લિમ પદ્ધતિ પ્રમાણે કબરને નમ્યાં. નમાજ પઢવા લાગ્યાં. મૌલવી સાહેબે પણ તેમની સાથે નમાજ પઢી. એક પણ ભૂલ વિના નિર્મળાસુંદરીએ નમાજ પૂરી કરી. પછી જે હાજર હતા તેમને સંબોધીને કહ્યું. "નમાજ પઢતી વખતે શરીર, મન અને પ્રાણની એકરૂપતા હોવી જોઇએ. નમાજનું રહસ્ય ઊંડુ છે કોઇ જાણતું નથી. બધા બાહ્યાચાર પર ભાર મૂકે છે." પછી કુરાન શરીફ વિષે વાત કરી. "હું મારી ઇચ્છાથી કુરાન બોલતી નથી. અંતરમાંથી બધું બહાર આવે છે. ભાષા, ભાવ, શૈલી, શબ્દ, લય. આ બધાનો આપણા હૃદયમાં પ્રકાશ થાય છે. સામાન્ય જીવન–વ્યવહારમાં તેનો આપણે અનુભવ કરી શકતા નથી. વિશેષ પ્રસંગે તે પ્રગટે છે, તેનો અર્થ સ્પષ્ટ થાય છે."

નિર્મળાસુંદરી પાછાં ફર્યાં અને કીર્તન–સમારંભમાં જોડાઇ ગયાં. મૌલવી જૈનેદી હુસેન પણ તેમની સાથે ત્યાં પાછા ગયા. તેમણે પ્રેમથી કીર્તનનો પ્રસાદ લીધો. તેમને નિર્મળાસુંદરીના મોંમાં પ્રસાદ મુકવાની તીવ્ર ઇચ્છા જાગી. તે જ ક્ષણે ખરેખર નિર્મળા-સુંદરી તેમની પાસે આવ્યાં અને પોતાનું મોં ખોલ્યું. મૌલવી સાહેબે એક પતાસું તેમના મોંમાં મૂક્યું. પછી પોતે પ્રસાદ આરોગવા લાગ્યા. આ સમયે મૌલવી સાહેબના આનંદનો કોઇ પાર ન હતો. તેઓ હર્ષાતિરેકને લીધે રડી પડ્યા! કૃતકૃત્યતાના ભાવથી ભીની આંખે ઘેર ગયા.



(૩)

શાહબાગનાં માલિક નવાબઝાદી પ્યારીબાનુને રાયબહાદુરને લીધે નિર્મળાસુંદરીના નિકટ સંપર્કમાં આવવાની તક મળી. અને તેઓ નિર્મળાસુંદરીના પ્રશંસક બન્યાં. એ પ્રશંસા અંતે ભક્તિમાં પરિણમી. તેથી કીર્તનમાં હાજરી આપવાનું, નિર્મળાસુંદરી પાસે બેસવાનું, મનમાં ઉદ્‌ભવતા પ્રશ્નોના સમાધાન મેળવવાનું ચાલુ થયું. તેઓ વારંવાર શાહબાગની મુલાકાત લેવા લાગ્યાં. કલકત્તાની અદાલતમાં મિલ્કત અંગેના પેલા કેસને લીધે તેમને કલકત્તામાં રહેવું પડતું. તેમણે પોતાની દીકરીના લગ્ન કલકત્તામાં કરવાનું નક્કી કર્યું. તે શુભ પ્રસંગે નવાબઝાદીની આગ્રહભરી વિનંતીનો સ્વીકાર કરી રમણીમોહન અને નિર્મળાસુંદરી લગ્ન સમયે હાજર રહ્યાં. પ્યારીબાનુ તો તેને લીધે ધન્ય થઇ ગયાં. આભાર વ્યક્ત કરવા તેમની પાસે શબ્દો ન હતા.

લગ્ન પછી થોડા દિવસે પ્યારીબાનુ ને નિર્મળાસુંદરી ફકીરની કબર પાસે ગયાં અને મૌલવી સાહેબના હાથનો પ્રસાદ ખાધાની ખબર પડી એટલે એ નિર્મળાસુંદરી પાસે શાહબાગ આવી અને તેમને કબર પાસે લઇ ગઇ. ત્યાં તરત જ તેમનાં મુખમાંથી કુરાન શરીફની આયાતો પ્રગટવા લાગી. પ્યારીબાનુ તો તે સાંભળીને અવાક્ થઇ ગયાં!

નિર્મળાસુંદરીની શક્તિઓ જોઇ એ એટલાં બધાં પ્રભાવિત થઇ ગયાં કે કશું કહી શક્યાં કલકત્તા જઇ તેઓએ પોતાને ત્યાં હરિકીર્તનનો કાર્યક્રમ યોજ્યો. નિર્મળાસુંદરીએ તેમાં હાજરી આપી. પ્યારીબાનુએ પડદા પાછળ બેસી કીર્તન શ્રવણ અને પૂજાનાં દર્શન કર્યાં. તેનાથી પ્રભાવિત થઇ તેઓ રડવા લાગ્યાં. નિર્મળા-

સુંદરી તેમની પાસે અંદર આવ્યાં અને તેમની ભાવના વખાણી. અતિ ઉત્સાહવર્ધક વાતાવરણમાં કીર્તનની પુર્ણાહુતિ થઇ. ત્યાર બાદ નિર્મળાસુંદરીએ વિદાય લીધી. હવે તો નવાબઝાદી તેમની અનુચર અને આજ્ઞાંકિત સેવિકા બની ગઇ! દુર્ગાપૂજા પ્રસંગે તેઓએ માની આજ્ઞા લઇ કાલીમાતાની મૂર્તિને પોતાના હાથે સોનાની માળા પહેરાવી. અને ભાવપૂર્વક નમ્યાં. આમ નિર્મળા-સુંદરીના અન્ય ધર્માવલંબી પણ પ્રશંસક તથા ભક્ત બન્યાં.

અંબાજીમાં ક્યાં ઉતરશો?
" સ્વર્ગારોહણ "
માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ
" સ્વર્ગારોહણ ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૨૨૬૯
(ઉ.ગુ.) ૩૮૫૧૧૦



બ્રહ્મલીન મહાત્મા યોગેશ્વરજીને

## * ભાવાંજલિ *

### (૧) દોરજો રે

( ગાન )

તમે સત્યમંગળ પ્રેમમયી
અંધકારે તમે ધ્રુવ જ્યોતિ,
તમે સદા હૃદયે વિરાજી
વ્યથાટાણે પ્રેરજો રે,
કલ્યાણ મારગ દોરજો રે.

તમે જ્ઞાને, તમે ધ્યાને
તવ મધુર સૌન્દર્ય—શિવે,
તમે ભક્તિ કર્મ યોગે
અજ્ઞાની અમને બોધજો રે,
પુનિત પંથે પ્રેરજો રે.

### (૨) સાથ છોડશો મા

(રાગ : બાગેશ્રી તાલ—ધમાર અથવા તેવરા)

યોગેશ્વર કૃપાળ મહાત્મા—સાથ અમનો છોડશો મા,
સાથ અમનો છોડશો મા, સાથ અમનો છોડશો મા,
વિશ્વની આ વાટિકામાં, ઝંઝાની કૈં કૈં ઝાડીઓમાં,
ભૂલા પડેલા લોક અમને દિવ્ય પંથે દોરજો રે. સાથ૦

પ્રેરણા છે આપની, સાગર સમા આ લોકમાં,
મોહમાયા જળચરોથી દયાળુ કૈં ઉગારજો હા.

પહાડો અને ખાઇ ઘણી લોભ–લાલચ ભૂતળે,
ધ્રુવના તારા સમા થઇ દુર્બળોને દોરજો હા. સાથ૦

ભક્તો અમો શરણે તમારે ઉરથી રહીએ સદા,
આશીષ દેજો સર્વદા, અમને ના તરછોડશો હા. સાથ૦

### (૩) નામ જ લેતા
(રાગ : ખમાજ તાલ–ધમાલી)

યોગેશ્વરનું નામ જ લેતાં, આનંદ આનંદ થાયે રે,
પુનિત પુનિત મનડું થાયે, ઉરમાં ભક્તિ જાગે રે.

દુઃખડાં ભૂલીએ, લાલચ ભૂલીએ, ભૂલીએ માયા મોહ રે,
ભ્રમ ભૂલી નીડરતા સાથે ભક્તિ પંથે પળીએ રે,

સંત સંગાથે સંયમ લઇએ, નેકી નીતિ લહીએ રે,
ભીતિ હરીએ, ભક્તિ વરીએ, ધ્યાને નિશદિન રહીએ રે.

ધ્રુવ, પ્રહ્લાદ ને મીરાં–સઘળાં ભક્તવીરોને સ્મરીએ રે,
શક્તિ એવી આપો અમને ઉરથી એવું ચહીએ રે,

ધર્મકર્મને પંથે રહેવા પ્રેરો અમને કહીએ રે,
સફળ કરીશું મનખો મોંઘો–એ કાજે સહુ સહીએ રે.

### (૪) આપજો આશીષ
( ગાન )

યોગેશ્વર દયાળુ દૈવી આશીષ અમને આપજો,
સંકટ સમયે પ્રેરણા દૈ શક્તિ અમને આપજો.

સુંદર મુખારવિંદ કંઠ સુંદર, વાણી અમૃત આપનાં,
ધવલ વસ્ત્રે શોભતા ઓ ધૈર્ય અમને આપજો.



ભવસાગરે કૈં જળચરો વિકાર અમને તો નડે,
પ્રેરી અને દોરી અમોને પિયૂષ પુનિત આપજો.

હિમાલયે કો વનગુહાના આકરા તપધારી ઓ,
સંયમતણો દેખાડી મારગ વિજય ચાવી આપજો.

અંધારું કાજળ શું ભયાનક પીડતું અમને અરે!
પંથે પ્રકાશે ત્યાં અમોને દોરી આનંદ આપજો.

મનખો મળ્યો માનવતણો મોંઘો અરે છે કેટલો!
ભક્તિતણું વરદાન મોંઘું, હે કૃપાળુ! આપજો.

હે દયાળુ સંતશાંતિ–ખંત અમને આપજો,
આસરો આપી જ તારી મંત્ર અમૃત આપજો.

### (૫) હે સંત
( ગાન )

હે દયાળુ સંત તુજ ઉપકાર કંઇક ઓર છે,
અટવાઇ રહેલા અમ પરે આશીષ તુજ કૈં ઓર છે.

કાજળકૂડા આ ભવતણા વમળો થકી ઉગારવા,
પ્રેરણા ને શક્તિ આપે તુજ દૂઆ કૈં ઓર છે.

મલિન કાદવ સમધરાના આદમી ભૂલો ભર્યા,
એ ભૂલને ફૂલમાં બદલતી તુજ કૃપા તો ઓર છે.

સાગર સમા આ જગમહીં નૌકા ઝૂકાવી છે અમે,
પાર કરવા હામ પ્રેરે કરુણા ય તુજ કૈં ઓર છે.

કંટક અને સંકટ ભર્યાં જીવનતણા આ રાહમાં,
સહાય દે છે સર્વદા તારું સ્મરણ કૈં ઓર છે.

દુર્બળ અમારા મન અને તનની દશાની વાત શી?
પ્રકાશ પંથે દોરતી વાણી—અમી તુજ ઓર છે.

### (૬) તારજો રે

(રાગ : છાયા ખમાજ—ત્રણ તાલ)

અમારી ચિંતા શિર તમારે સંત નભાવજો રે,
અમારી મૂંઝવણ મનની સંત નિવારજો રે.

ચેન નથી કંઈ જગમાં જ્યારે જીવનમાંયે મન ના જ્યારે,
નામસ્મરણથી અમને સંત ઉગારજો રે.

ભવસાગરનાં જળ છે ઊંડાં, જળચર એમાં ભારે ભૂંડા,
નાવિક થઈને સંત અમોને તારજો રે.

મન મરકટ પીડે છે અમને, સાચું ના પરખાયે અમને,
અજ્ઞાન તિમિર અમ સંહારજો રે.

ડગલે ડગલે ડર લાગે જ્યાં પગલે પગલે પીડા છે જ્યાં,
વિષમ વાયે વાયુ ત્યારે વારજો રે.

ડૉ. ધર્મેન્દ્ર માસ્તર (મધુરમ્)



## * રે મન ! *

રે, મન! મૂરખ! શીદ મલકાતું?
ધન, સંપદ્‌, સત્તા, યૌવન, મદ :
ઉલટ ઉલટ હરખાતું!
અનન્ત બ્રહ્માંડોની નિયતિ
કાળ—પ્રભુ આલેખે;
ચાંદા—સૂરજ કેરી આંખે
પરમ પ્રભુતા પેખે;
યાવશ્ચંદ્ર દિવાકર કશુંય ન :
સમયે સમયે જાતું.
આ તો ક્ષર સહુ, બુદ્‌બુદ્‌, ક્ષણ ક્ષણ
દંષ્ટ્રા—કાલ ખવાતું;
અવિચલ, અક્ષર, એક, અનંતા
નિત્ય—નૂતન ગીત ગાતું.
સત્ય સનાતન સેવ સદંતર
તત્ત્વમસિ વર થા તું
રે, મન! અણુઅણુ રહે મલકાતું
રે, મન !ઉલટ ઉલટ હરખાતું, રે, મન!

ડૉ. રણજિત પટેલ (અનામી)

## * ભજન–અભેદ *

ભેદભાવનું રટણ ત્યજીને, જાણે સત્ય ભીતરનું રે,
જન્મ–મરણના ફેરા ટળશે, તરશે ભવરણને રે.
ભેદભાવનું...ટેક.

ભૂતાવળ ભ્રમણાની છે આ હરદમ તૂજને વળગી રે,
પ્રભુ નામનો ભૂવો રે, ભજીલે થાશે તૂજથી અળગી રે.
ભેદભાવનું...

પ્યાસી બૂઝે ના તારી મનવા, મૃગજળ જેવું પાણી રે,
દોટ ત્યજી દે માયા–રણની આતમને લે જાણી રે.
ભેદભાવનું...

'હું', 'તું', 'તારું', મારું ટાળી, સર્વ મળી લ્યો તાળી રે,
અંતરયામિ નામ રટી લે જગની માયા ટાળી રે.
ભેદભાવનું...

સકળ–જગતમાં માનવ તું છે, શ્રેષ્ઠ પ્રમાણું પ્રાણી રે,
મદાર બાંધી મનથી તારા, જીવી લે ખુદને જાણી રે.
ભેદભાવનું...

બળવંત ઓઝા (સફર)



## સદ્‌ભાવભરી સહાય

પૂ. પ્રભુ, પૂ. ગુરુદેવ અને પૂ. માની કૃપાથી અધ્યાત્મ માસિકને માટે સદ્‌ભાવભરી સહાયનો પુનિત પ્રવાહ અવિરત ચાલ્યાં કરે છે. છેલ્લે મળેલી સહાયની વિગત નીચે પ્રમાણે છેઃ–

રૂા.

૧૧ શ્રી દામોદર ત્રિભુવનભાઇ ગોહિલ, વઢવાણ–ભાણેજ કીર્તિકુમારની પુણ્ય સ્મૃતિમાં.

૨૫ શ્રી સુરેખા ભાવસાર, સુરત–જન્મદિન નિમિત્તે.

૧૦૧ શ્રી હેમલતાબેન કણિયા, સુરત–કીર્તિ અને ચિંતનની વર્ષગાંઠ નિમિત્તે.

૨૫ શ્રી જગદીપ ટ્રેડર્સ, મોરબી–દુકાનના મુહૂર્ત પ્રસંગે.

૧૦૦ શ્રી સ્મિતાબેન કમલેશભાઇ દવે, વડોદરા.

૨૧ શ્રી વસંતભાઇ રામશંકર ભટ્ટ, મુંબઇ.

૧૦ શ્રી દેવીપ્રસાદ પી. મહેતા.

૨૧ શ્રી પદ્માબેન પ્રતાપભાઇ ત્રિવેદી, ભાવનગર.

૧૦૧ શ્રી જી. બી. પટેલ એન્ડ કંપની, જૂનાગઢ.

૧૧ શ્રી રાજેન્દ્ર કે. ભટ્ટ, મોરબી–ચિ. વિશાલના જન્મદિન નિમિત્તે.

૧૧ શ્રી કે. એમ. ભટ્ટ, મોરબી.

૧૧ શ્રી દામોદર ત્રિભુવન ગોહિલ.

૫૧ શ્રી હરસુખરાય પંડયા, રાજકોટ–શ્રી કોકિલાબેન તરફથી–માતાજી ગંભીર માંદગીમાંથી ઉગરી જતાં.

૫૧ શ્રી કપિલાબેન આર. શાહ, અમદાવાદ–સ્વ. માતાજીની પુણ્ય સ્મૃતિમાં.

૫૧ શ્રી કુસુમબેન રમેશભાઈ દેસાઈ, વડોદરા—સારા ઘર નિમિત્તે.

૧૦૧ શ્રી મનસુખભાઈ કાનજીભાઈ સારંગ, સુરત—પુત્રી મયૂરીને જોહાનિસ્બર્ગ—સાઉથ આફ્રિકામાં પુત્ર પ્રાપ્તિ થતાં.

૨૧ શ્રી મધુબેન બી. જાગાણી, ભાવનગર—સસરાજી હાર્ટ એટેકમાંથી ઉગરી જતાં.

૫૧ શ્રી વિનુભાઈ છ. અમીન, વડોદરા—ચિ. અતુલને પ્રમોશન મળવાથી.

૫૧ શ્રી અનસૂયાબેન ભટ્ટ, વડોદરા—પુત્રી ભામિનીબેનના લગ્ન પ્રસંગે.

### પરદેશના ગ્રાહકોની સહાય

બોલ્ટન (યુ.કે.)ના અધ્યાત્મિપ્રેમી ભાઈ શ્રી મોહનભાઈ પટેલે, ત્યાંના ભાઈબહેનો પાસેથી નીચે પ્રમાણે પાઉન્ડની સહાય મોકલાવી છેઃ—

૫ શ્રી સવિતાબેન એમ. પટેલ, લેસ્ટર યુ.કે.

૧૧.૨૫ શ્રી મધુબેન રતિલાલ પરમાર, લેસ્ટર યુ.કે.

૫ શ્રી બાબુભાઈ ડી. પટેલ, વેન્ડઝબરી, યુ. કે.

૫ શ્રી દુર્ગાબેન એ. પટેલ, બોલ્ટન યુ. કે.—માતુશ્રીના સ્મરણાર્થે.

૨ શ્રી અમરતબેન એસ. પટેલ, બોલ્ટન યુ. કે.—ગાડીના અકસ્માતમાંથી ઉગરી જતાં.

૧૫ શ્રી મોહનભાઈ એસ. પટેલ, બોલ્ટન યુ. કે.—મા—પ્રભુની કૃપા માટે.

૫ શ્રી કાન્તાબેન એમ. પટેલ, બોલ્ટન યુ. કે.

સહુને અભિનંદન.



પ. પૂ. શ્રી

# મુગટરામ મહારાજના જીવન પ્રસંગો

સંકલન : કનૈયાલાલ ઝિંઝુવાડિયા

મંજુસરનાં મહાત્મા શ્રી મુગટરામ મહારાજનો શ્રી મુકુટ-લીલામૃતના લેખક પંડિત જગન્નાથ પ્રભાશંકર ઉપર અત્યંત પ્રેમ હતો. પંડિતજી તેમના ખૂબ જ નીકટના ભક્તોમાંના એક હતા. તેઓ શ્રી મહારાજને સાક્ષાત્ ઈશ્વર જ માનતા. તેમણે પુસ્તકમાં વર્ણવેલા પ્રસંગો નીચે મુજબ રજૂ કરેલ છે.

(૧)

પંડિતજીના પુત્રને જનોઈ આપવાની હતી. એક સમયે પંડિતજી મહારાજનાં દર્શન માટે મંજુસર ગએલ. તે પ્રસંગે શ્રી મુગટરામ મહારાજે પંડિતજીને જનોઈમાં કેટલો ખર્ચ થશે તેમ પૂછતાં પંડિતજીએ જેટલો ખર્ચ થવા સંભાવના હતી તે જણાવ્યું. પ્રભુશ્રીએ કહ્યું, "તમારે શી ફિકર છે? તમારે તમારો શામળિયો છે ને?"

પ્રભુશ્રીના આ વચનથી તેઓ આ ખરચનાં સંબંધમાં નિશ્ચિત હતા.

પ્રસંગમાં ચોરાશીને દિવસે નોંતરા પ્રમાણે જરૂરી રસોઈ કરી હતી. પરંતુ પ્રથમ જ પંક્તિમાં હજુ પ્રથમ વખત જ લાડુ પીરસાયા તે જ વખતે પંડિતજીએ જઈને લાડુ જોયા તો તેમને લાગ્યું કે પહેલી પંક્તિ વખતે જ તે પહોંચવાના નથી. તેમને ભય અને ચિંતા થાય તે સ્વાભાવિક હતું. તરત જ તેમણે મુગટરામ

મહારાજનું સ્મરણ કરી ઘીનો દીવો કર્યો અને ત્યાંથી ખસી ગયા.

બધી ચોરાશી જમી ગઈ. બીજી ત્રીજી પંક્તિ પણ જમી ઊઠી. ગામમાં પીરસ્યાં. ઢાંકવાનાં હતાં તે પણ ઢંકાઈ ગયાં. યજમાનને ત્યાં પણ દરેક ઘેર યથાયોગ્ય લાડુ બીજે ત્રીજે દિવસે પહોંચાડ્યા. ત્રણ ચાર દિવસ પંદર–વીસ માણસો રોજ લાડુ જમ્યા. આડોશી–પડોશી માટે પોણોસોએક લાડુ વડોદરા પણ મોકલ્યા. આઠ દશ દિવસ આ પ્રમાણે લાડુની વહેંચણી ચાલી, પણ લાડુ ખૂટે જ નહિ. પછી પંદર દિવસે વધેલો અધમણનો લાડુ શેકી નાખી ઘરમાંથી એઠું કાઢયું ત્યારે તે લાડુ પૂરો થયો. શેકેલો લાડુ છોકરાંએ કેટલાક દહાડા ખાધો.

(૨)

એક વખતે પંડિતજીની મોટી કન્યા બહુ માંદી હતી. એને સાતમું વર્ષ સારું ન હતું અને યોગ બહુ ખરાબ હતો. તેનો તાવ દિવસે દિવસે વધતો જતો હતો. બચી શકે તેવી આશા ન હોતી. પંડિતજીએ મંજુસર જઈ મહારાજશ્રીને વાત કરી તો તેઓએ કહ્યું, કે આ છોકરી આ વખતે બચે તેમ જણાતું નથી. સાંભળી પંડિતજીએ કહ્યું, “મને તો તેનું બહુ દુઃખ નથી, પણ એની માતાને વધારે દુઃખ થવાનો સંભવ છે, કારણકે એની માને હાથલાકડી જેવી છે, માટે જેમ યોગ્ય જણાય તેમ કરશો.” મહારાજશ્રીએ કહ્યું, “ત્યારે શું તમારે એને જીવાડવી છે?” પંડિતજીએ કહ્યું, “હાજી, તેવી ઇચ્છા ખરી.” પછી મુગટરામજીએ કહ્યું, “ઠીક છે. સવારે વાત.”

બીજે દિવસે સવારે પોતે સંધ્યાથી પરવારીને ગુરુપૂજન કરવા નીચે પધાર્યા ત્યારે પંડિતજીને કહ્યું, “જાઓ, અમુક મંત્રની



અમુક આહુતિ આપી દો.” તે પ્રમાણે પંડિતજીએ આહુતિ આપી. ત્યાર બાદ પંડિતજી ઘેર આવ્યા તો આ કન્યાની પ્રકૃતિ ઠીક હતી અને ઉત્તરોત્તર સુધરતી ચાલી.

વળી એક દિવસે વચમાં પાછી એની પ્રકૃતિ વધારે નરમ થઈ ગઈ. બે ત્રણ દિવસથી ખાવાનું છોડી દીધેલ. બચવાની આશા ન રહી. પંડિતજીએ બીજે દિવસે સવારે પુનઃ તે જ આહુતિ આપી. આહુતિની શરૂઆત કરતી વખતે એવી ઈચ્છા કરી, કે જો આ ક્રિયા પૂરી થઈ રહેતાં તે કાંઈ પણ દૂધ ચા જેવું ખાવાનું માગે તો આ ક્રિયા સાચી કહેવાય. જ્યારે પંડિતજી તે ક્રિયા પૂરી કરીને ઊઠયા ત્યારે સાચે જ તેણે આંખ ઉઘાડી અને ચા પીવા માગી. તે દિવસથી એની પ્રકૃતિ સુધરતી ચાલી અને તે બચી ગઈ!

(૩)

સંવત ૧૯૭૯ ના માઘ માસમાં પંડિતજીને કાશી કલકત્તા તરફ જવાનું હતું. તે પહેલાં તેઓ મહારાજશ્રીને કયે દિવસે પ્રયાણ કરવું તે પૂછી આવેલ. સંવત ૧૯૭૯ ના માઘ સુદ ૧૫ ને ગુરુવારે ગોધરા થઈને કાશી તરફ જવા માટે પંડિતજી નીકળ્યા. રસ્તામાં પીલોલ સ્ટેશન આવતું હતું કે જ્યાં થઈને મંજુસર જવાય છે, તે સ્ટેશન આવતાં મંજુસર તરફ દૃષ્ટિ કરીને હાથ જોડીને પંડિતજીએ કહ્યું, “ગુરુ મહારાજ! હું જઉં છું, આપ મારી રક્ષા કરજો. આ ફાસ્ટ ટ્રેનમાં હું જતો હોવાથી મારાથી આપનાં દર્શનનો લાભ લઈ શકાય તેમ નથી. માટે હું અહીં રહે રહે જ પ્રણામ કરું છું તે સ્વીકારજો.” આ પ્રમાણે નેત્ર મીંચીને ભાવપૂર્વક આ વચનો મહારાજશ્રીને કહ્યાં.

આ સમયે પૂ. મુગટરામજી મહારાજ મંજુસરમાં નીચે સ્નાન કરતા હતા. પોતાની પાસે તેમની અખંડ સેવામાં રહેનાર ઝવેરદા

હતા. તથા પાસે ભગવતી શ્રી સૂરજબા ઊભ[illegible]તાં. તે વખતે પોતે "આવજો, આવજો," એમ સ્નાન કરતાં કરતાં એકદમ બોલી ઊઠયા. પૂજ્ય શ્રી સૂરજબાએ પૂછ્યું, કે આ અત્યારમાં કોને આવજો આવજો કહો છો? અહીં તો કોઇ જણાતું નથી. તેઓશ્રીએ કહ્યું, "આ પંડિતજી કાશી જાય છે, ને તેમને હું વળાવું છું." પંડિતજી કાશી, કલકત્તાથી પાછા વડોદરે આવ્યા અને મંજુસર ગયા ત્યારે આ વાત જાણવા મળેલ. મુસાફરીમાં પંડિતજીને કોઇ જ અડચણ પડી નહોતી. એટલું જ નહિ પરંતુ જે વ્યાપારી પાસેથી તેમણે માલ લીધો હતો તે વ્યાપારીએ અમુક માલ તેમને આગ્રહ કરીને આપ્યો. આ માલ ઉત્તમ જાતનો હતો પરંતુ તે જરા જુદી જાતનો હોવાથી પંડિતજીએ બીજો માલ આપવા જણાવ્યું. ઘણો આગ્રહ કર્યો તો પણ તે માલ તેણે નહિ આપતાં બીજો જ માલ આપ્યો. તેણે પંડિતજીને કહ્યું કે પંડિતજી! હું આપું છું તે માલ આ વખતે લઇ જાઓ અને હું તમને નહિ છેતરું. પછી તેનો આગ્રહ જોઇને તે માલ લીધો. ઘેર આવ્યા પછી પંડિતજીને સમજાયું કે છેલ્લા વીસ વરસમાં આવો સારો માલ તેમને બજારમાંથી મળ્યો ન હતો તેવો તે ઉત્તમોત્તમ હતો.

### સાર વચનો

રામનામના રહસ્ય સંબંધમાં તો એટલું જ કહેવાનું કે 'રા'નો અર્થ આત્મા છે અને 'મ'નો અર્થ અહંકાર. 'રામનામ'ના ઉપરાઉપરી જપ કરવાથી છેવટે 'મ' શાંત થાય છે. ને 'રા' એકલો જ શેષ રહે છે. એ અવસ્થા દરમ્યાન ધ્યાનનો સભાન પ્રયત્ન નથી થતો તો પણ ધ્યાનની પ્રક્રિયા ચાલુ જ હોય છે કારણકે ધ્યાન આપણે સૌને માટે નૈસર્ગિક છે.



### પરમ જાગૃતિનાં આરાધનાનું પર્વ

# શિવરાત્રિ

કમલ સુથાર

શિવ એટલે કલ્યાણકારી. પરમશિવ એટલે પરમ કલ્યાણકારી. જે રાત્રિએ જીવાત્માને આત્મજ્ઞાન લાધે તે શિવરાત્રિ. જે રાત્રિએ જીવાત્માને આત્મસાક્ષાત્કારનો મોકો મળે તે શિવરાત્રિ. આ દિવ્ય રાત્રિ. જાગતિક અંધકારમાંથી જીવાત્મા જાગે છે પરમ આત્મ-જ્ઞાનના પ્રકાશમાં. માયિક અંધકારમાંથી પરમ ચેતનાની જાગૃતિ થાય છે. પરમશ્રેયની સાધનાથી, માટે કહેવાય છે શિવરાત્રિ.

માયિક ઊંઘમાં અનેક રાત્રિઓ, મહિનાઓ, વર્ષો, જન્મો પસાર થઇ જાય છે. અજ્ઞાની જીવાત્મા સંસારમાં જન્મતાંજ ભૂલી જાય છે પોતાના મૂલ સ્વરૂપને. ભૂલી જાય છે પોતાના દિવ્ય આત્મસ્વરૂપને. અને અટવાય છે ભવ–જાળમાં. બંધાય છે રાગ–દ્વેષના ફંદાઓમાં. ભટકે છે યુગો સુધી જન્મમરણના ચક્કરમાં. ઘેટાં–બકરાં–કૂતરાંની જેમ ભટકે છે રાત–દિવસ. પાશવિક ભૂમિકા ઉપર દોડયા કરે છે જનમો જનમ. કામ, ક્રોધ, લોભ, મોહ, રાગ–દ્વેષ, છલ–કપટના માયાવી અંધકારમાં અટવાય છે અજ્ઞાની જીવ જનમો જનમ. ઘાત–પ્રતિઘાત. ક્રિયા–પ્રતિક્રિયાના દ્વન્દ્વોમાં ઉઝરડાય છે; ઘાયલ થાય છે; દુઃખની વેદનાથી વ્યાકુળ બને છે. તો કોઇ વાર ભૌતિક સુખના અહંકારી પડળોમાં લપેટાઇ રાવણનું રૂપ ધરે છે. તો કોઇ વાર એ કપટી–અહંકારી દુર્યોધન બને છે, તો કોઇ વાર ક્રોધાતુર કંસ બને છે. તો વળી કોઇ વાર

ભગવાન શ્રીકૃષ્ણને કરડવા દોડતી–હણવા મથતી ઝેરી પૂતના બને છે. આમ જીવાત્મા અનેક સ્વરૂપે અજ્ઞાન–અંધકારમાં માયિક અંધકારમાં આથડયે જાય છે. છતાંય તેને ક્યાંયથીય સાચું સુખ કે શાશ્વત શાન્તિ મળતી નથી. કેમકે એની દોટ આંધળી છે. તેનું લક્ષ્ય ખોટું છે. પ્રવૃત્તિ માયિક છે. દૃષ્ટિ અજ્ઞાનમયી છે.

અજ્ઞાની જીવાત્મા ઘાણીના બળદિયાની જેમ જનમો જનમ સંસારની ઘાણીમાં જોતરાઈને ગોળ–ગોળ ફર્યે જાય છે. કૂવાનાં દેડકાં અંધારા કૂવામાં જ ઊછળ–કૂદ કરે છે કૂવાનો સાંકડો ઘેરાવો, અંધકારની સીમિત દુનિયા, અહંકારથી ફૂલતી દેડકાંની છાતીઓ, ઝેરી સ્પર્ધાઓ, અનેક પ્રકારની આશાઓ–આકાંક્ષાઓ, મહત્ત્વાકાંક્ષાઓ, પદ અને પ્રતિષ્ઠાના જૂઠા મોહ. એમાં રાત–દિવસ રચ્યાં પચ્યાં રહેતાં અજ્ઞાની વહેંતિયાં લોકો પોતાનું દિવ્ય આત્મસ્વરૂપ, નિજસ્વરૂપ ભૂલી જાય છે અને મૃગજળની પાછળ દોડયે જાય છે.

આ અજ્ઞાન–અંધકારમાં અટવાતા જીવોને જાગવાનું પરમ ચેતનાની અનુભૂતિ કરવાનું પર્વ એટલે શિવરાત્રિ.

જાગૃતિમાં સુખ છે, જ્ઞાનમાં સુખ છે.

અજ્ઞાન–ઊંઘમાં દુઃખ છે.

દિવ્ય પ્રકાશ જ જીવન છે.

પરમલક્ષ્યને પ્રાપ્ત કરવા સતત જાગૃત રહેવાનું પર્વ એટલે શિવરાત્રિ. નશ્વર–અને શાશ્વતનો, સત્ય અને અસત્યનો જે પરમ વિવેક કરી જાણે છે તેજ પરમ જાગૃત છે. તેજ પોતાના આત્મસ્વરૂપને જાણી શકે છે. તે પરમપદનો અધિકારી છે અને



તેજ જીવમાંથી શિવ બની શકે છે. તે પરમાનંદની, પરમશાન્તિની અનુભૂતિ કરે છે. તે શાશ્વત–પદમાં સ્થિર બને છે. તેનું રોમ–રોમ દિવ્યાનંદથી નર્તે છે. અને આવી પરમ મસ્તીમાં તે ગાઈ ઊઠે છે :

મનોબુદ્ધિ અહંકાર ચિત્તાનિ નાહમ્  
ન ચ શ્રોત્ર જિહ્વે ન ચ ઘ્રાણ નેત્રે  
ન ચ વ્યોમ ભૂમિ ર્ન તેજો ન વાયુઃ  
ચિદાનન્દ રૂપઃ શિવોઽહમ્ શિવોઽહમ્॥

*** નાની મોટી ભેટોની યાદી છાપવામાં આવશે નહીં ***

એપ્રિલ ૧૯૯૨ થી 'અધ્યાત્મ'માં છાપવામાં આવતી સદ્ભાવભરી ભેટની યાદી હવે પછી છાપવામાં આવશે નહીં. ફક્ત જે તે મહિનામાં મળેલ ભેટનો કુલ આંકડો જ કેવળ જણાવવામાં આવશે. —તંત્રી

* * *

આત્મદર્શી પુરુષ અંતરના અવાજની પરવાનગી સિવાય કદી પણ કોઈ ચમત્કાર કરતો નથી. ઈશ્વર એમ ઈચ્છતો નથી કે તેના સર્જનનાં રહસ્યો ગમે તેવાની જાણમાં આવે.

# સાઈશ્વરી સંગે શીરડી યાત્રા

શ્રીમતી જ્યોત્સ્ના બી. ત્રિવેદી

સાઈ સંગીતના મધુર સુરો દ્વારા પ્રભુએ જેમનું આરાધન કર્યું છે, તેવા શ્રી સમર્થ સાઈની અમારા પર આ વર્ષમાં વિશેષ કૃપા થઈ. આ વર્ષમાં અમારા આરાધ્ય ઈષ્ટ સાથે બે વાર અને એક વાર એ જ ઈષ્ટની પ્રેરણાથી—એમ ત્રણવાર તે સમર્થ મહાપુરુષના સ્થાનમાં, તેનાં શ્રી ચરણે મસ્તક નમાવવા, હૃદયના ભાવો ધરવા અને અશ્રુથી ચરણ પખાળવાનો મોકો મળ્યો.

એક વાર્તાલાપના બહુ ટૂંકા ગાળામાં શ્રી શ્રી માએ સહજ પૂછ્યું : "જ્યોત્સ્ના, નાસિક આવવું છે? પછી ફરી જઈશ તો નહીં ચાલે." એવા પ્રેમાળ પ્રશ્નનો પ્રત્યુત્તર યાત્રામાં ફેરવાઇ ગયો. શ્રી શ્રી મા વિદેશની ધરતી પરથી પાછાં ફર્યાં અને તે પહેલાં એકવાર સ્હેજે નવા પરણવા વાળાઓને એ ધરતી પરથી જ જણાવેલું કે આપણે હું આવીશ પછી શીરડી જઈશું એ વાણી તો વૈખરી વાણી લાગે, એ સ્હેજે બોલાયેલી પણ અવ્યર્થ થોડી જાય? અમારા આનંદનો પાર ન હતો, કારણ કશી જ અગાઉથી તૈયારી નહીં, તો કશી ચિંતા પણ નહીં.

જે મા જીવનનું સુકાન સંભાળે, તેના સુકાની પદે યાત્રા કરવાની હોય ત્યારે બીજું જોઈએ શું? આમે અમારી એવી દૃઢ માન્યતા છે કે જેને જોયા પછી કંઈ જોવાનું ન રહે, જેને સાંભળ્યા પછી કંઈ સાંભળવાનું ના રહે અને જીવનમાં જેને જાણ્યા પછી કંઈ જ અશેષ ન રહે એવાં શ્રી શ્રી માના સાન્નિધ્યે



આનંદગંગા જ વહેતી હોય, એ યાત્રાની કલ્પના જ કેટલી મધુર હોય! તેની અનુભૂતિનો રસ તો જેણે માણ્યો હોય તે જ જાણે.

૧૭ મી જાન્યુઆરી ૧૯૯૨ ના શિશિર પ્રભાતે સંક્રાંતિ પામી ચૂકેલા સૂર્યદેવતા ઉદય પામતા હતા. તેવા સૂર્યનાં કોમળ કિરણોને વધાવતા ૨૦–૨૨ ભક્તજનો સાથે યાત્રા શરૂ થઈ. મા પ્રભુના જયકાર અને પ્રાર્થના સાથે બસ ગતિમાન થઈ—જાણે દરેક ભક્ત હૃદયની એક જ પ્રાર્થના—કે જીવનનું દરેક પ્રભાત આવું જ હોય, નિત્યકર્મ પછી મા પ્રભુનું સુખદ સાન્નિધ્ય હોય! એવી પ્રાર્થના સાથે ગતિમાન થયેલી બસે જાણે બધાં જ બંધનોનો ઉચ્છેદ કરી એક એવા વાતાવરણનું સર્જન કર્યું કે જાણે મા પ્રભુના વિશિષ્ટ દરબારમાં પ્રેમના પારાવર સમી મા વિરાજમાન છે. પ્રભુ મલકતા સસ્મિત વદને સર્વ નિરખીને તેમાં સહભાગી થયાં છે અને ભક્તોના ભાવ નિતરતા હૈયાની ભાવસરિતા જાણે તેઓના શ્રી ચરણે ઠલવાઈ રહી છે.

મા પ્રભુ સાથેની યાત્રા એટલે પ્રભુનું સતત આરાધન, એજ ધ્યાન, એજ ધ્યેય, સહકાર અને જીવન સુધારણાની યાત્રા, સત્સંગની યાત્રા, કૃપાવર્ષાની યાત્રા. યાત્રા એટલે યાતના અને ત્રાસ નહીં, પણ કદાચ યાનો અર્થ ભલે યાતના કરીએ પણ ત્રા એટલે ત્રાણ રક્ષક. બીજી બધી યાતનાઓથી રક્ષણ ખરું, પણ પ્રભુના અવિસ્મરણરૂપી યાતનામાંથી તો મુક્તિ ખરી જ. ધૂન, ભજન અને સ્તુતિઓની એવી હેલી ઊઠે, જાણે હિલોળે ચઢેલો યોગેશ્વર પરિવાર તો મસ્ત બનીને નાચે, ગાય પણ. ક્ષણવાર માટે એમ થાય કે શ્રી રામની ચરણ રજથી શલ્યાની અહલ્યા બનેલી તેમ જડમાં પણ ચેતન સમાન વ્યવહાર કરનાર, માતા સાન્નિધ્યે

કદાચ બસની સીટોમાં પણ પ્રભુ પ્રાણ પૂરે તો કદાચ તે નિર્જીવ પદાર્થો પણ કદાચ સજીવ બની નાચવા લાગે! એવું જીવંત પ્રભુ પ્રેમની મસ્તીનું વાતાવરણ.

યાત્રામાં બે નવ પરિણિત યુગલો છે. કેટલાક ભક્તો પ્રથમવાર જ શ્રી શ્રી મા સાથે યાત્રામાં જોડાયેલ છે, ત્યારે પૂ. મા એમને ધૂન ગાવાનો આદેશ આપી જાણે નવા જીવનમાં નામ-સ્મરણ અને સંકીર્તન યાત્રામાં જોડી દે છે. ગાયક ગમે તે હોય, પણ ધૂનની મસ્તીની મોજ તો મા પ્રભુના જ નામની ધૂણી ધખાવીને બેઠેલા શ્રી પંડિતજી, પ્રકાશભાઇ, અનિલ પંડયા, શ્રી દીપેશ શાહ, શ્રી યોગેશભાઇ, શ્રી તાપસ ભક્ત અને અનિલ ભટ્ટ જ ચઢાવે છે. કોઇ પણ સુર તાલને ખૂબ સરસ રીતે ઉપાડી અને જાણે સુરતા સ્વરોની મસ્તીમાં પ્રભુ સાથેનું તાદાત્મ્ય જોડવામાં સહાયભૂત થાય છે. પ્રભુ મસ્તીની મસ્તાનીમાં જગદંબા તેના અનેકાનેક સાત્ત્વિક પ્રેમભાવોનું એવું અનેરું દર્શન કરાવે છે કે આંખ જાણે વાસ્તવિક જગતના બીજાં દૃશ્યો જુએ તો ગુન્હાહિત પ્રવૃત્તિ કરતી હોય તેવું લાગે. સતત દર્શન, સતત સાન્નિધ્ય અને સતત સંકીર્તન સ્વર્ગસુખને પણ તુચ્છ ગણાવે છે.

ધૂનો પ્રચલિત જ હતી છતાં આકર્ષક હતી. વિશિષ્ટ આકર્ષણ "ઓ મા, તારા ચરણ કમળમાં આ જીવન કુરબાન છે." એવી અશોક ત્રિવેદીની ધૂને સૌનું મન મોહી લીધું અને યાત્રાનો પ્રથમ વિસામો નાસિક આવ્યો તે પહેલાં શ્રી શ્રી માએ ગીતાના પંદરમા અધ્યાયનું પારાયણ પણ કરાવ્યું અને બસમાંથી જ અન્ન બ્રહ્મ કરબાનો આદેશ આપ્યો.

આઠ આઠ વર્ષથી અનશન વ્રતધારી મા બીજાના



જઠરાગ્નિને તૃપ્ત કરાવવાની ચિંતામાં રહેજ. અનશનના યજ્ઞમાં શરીર સમિધની આહુતિ આપતી એ જગદંબા પ્રસન્નતાનો પૂંજ, વાત્સલ્યમયી મા બાળકોને ખવડાવવાતાં જે પ્રસન્નતા અનુભવે અને જે પ્રેમની વર્ષા કરે તે સુખ તો તેમાં ભીંજાનારા જ જાણે. તે ભોજનયજ્ઞ નાસિકની યાત્રી લોજમાં ઉજવાય છે, અને ભોજનની પુર્ણાહુતિ પછી સર્વ સાધકો ગંગાના સ્વરૂપ સમાં શ્રી લોકમાતા ગોદાવરી મૈયાના દર્શને જાય છે.

પૂ. શ્રી યોગેશ્વર જ પરિવાર, યોગેશ્વર જ ગોત્ર, યોગેશ્વર જ મુહૂર્ત, એવા યોગેશ્વરમય જગતના ઉપાસક શ્રી પંડિતજી લોકમાતા ગોદાવરીનું ષોડશોપચારથી પૂજન કરાવે છે. ઉપરાંત પ્રચલિત તર્પણ ક્ષેત્રમાં તર્પણ, પૂજા કરાવે છે. તેમાં માત્ર માત પિતા કુટુંબીજનો જ નહીં પણ મિત્રો, વિદ્યાર્થીઓ શિષ્યો સહુનું જ. કેવી ઉદાત્ત ભાવના! કેવી મહાન સંસ્કૃતિ! એ પ્રસંગે શ્રી શ્રી માના પૂર્વાશ્રમના વડીલબંધુ જ નહીં, પણ તેમના અનન્ય ભક્ત અને સંત સમા શ્રી વિઠ્ઠલભાઇ ભક્તના અસ્થિકુંભનું પણ શ્રી તાપસભાઇ અને સુશીલા બહેન વિધિવત્ પૂજન કરી વિસર્જન કરે છે.

'શ્રી સાઇ શરણંમમ'ની ધૂનથી લગભગ સાંજે ચાર વાગે નાસિક શીરડી યાત્રાનો તબક્કો શરૂ થાય છે. શ્રી શ્રી મા એટલે કંઇ પ્રભુ પ્રેમનું ગંભીર સ્વરૂપ નહીં, પણ હાસ્યરસની હેલી ઉભરાવતી હાસ્યવદતા, પ્રેમ સ્વરૂપ મા એટલું બધું હસાવે કે પેટ ના પાડે, ઓ મા! હવે નથી હસાતું. બસ કરો. અને પ્રાર્થનાઓના પુષ્પોથી ગૂંથેલી યાત્રાની માળા શ્રી સમર્થ સદ્‌ગુરુ સાઇના શરણમાં અને ચરણમાં શીરડી આવી પહોંચે છે.

પૂ. મા એટલે ઉત્તમતા, વિશિષ્ટતા, પસંદગી પણ સર્વોત્તમ જ. એટલે ઉતારો પણ તેવો જ. સુખ ને સુવિધાજનક ખરો પણ ત્યાં કોઈ ભૌતિક સુખમાં થોડું જ ડૂબી જવાનું હોય? સાધનભજનની સાનુકૂળતા જેટલી વિશેષ તેટલું વિશેષ પ્રભુમય મન, એજ પૂ. માનું ધ્યેય. એજ એમનો આદર્શ. આપણે પણ જો સમજી લઈએ તો જ તેઓની સંનિધિની સાર્થકતા, સમજણ અને અનુભૂતિની પ્રાપ્તિ કરાવવી તે જ એ જગદંબાનું ધ્યેય. એટલે જ શીરડીની એક એવી સરસ સુવિધાવાળી હોટલમાં મા સહયાત્રીઓ સાથે ઉતારો કરે છે.

એ કરુણાસિંધુ માની કરુણાનો કોઈ પાર નથી. સશક્ત માણસોના અંગોને પણ શિથિલ કરી દે તેવા રસ્તા, સતત થાકેલું શરીર છતાં જાણે બધું જ લૂંટાવવા જ મા બેઠી છે. એને હૈયે સાધકનું શ્રેય અને ક્ષેમ જ વસે છે, તેવી મા માત્ર એકાદ કલાકના ટૂંકા વિશ્રામ પછી સત્સંગની બેઠકનું આયોજન કરે છે.

બસમાં જેઓનો ધૂન ગાવામાં વારો નહીં આવેલો તેવા અને જીવનના જંગમાં ચરણની આહૂતિ આપી મા પ્રભુની ઢાલથી લડનારા શ્રી મોહનભાઈ ભક્ત તીર્થક્ષેત્રને અનુરૂપ "નિવૃત્તિ જ્ઞાનદેવ, તુકારામ, મુક્તાબાઈ, સોપાનદેવ. જેવા મહારાષ્ટ્રના સંતપુરુષોને યાદ કરી પોતાનું શ્રદ્ધા સુમન તેઓશ્રીના શ્રી ચરણે અર્પિત કરે છે. શ્રી અનસૂયા બ્હેન પંડયા અને શ્રી ડાહીબેન ભટ્ટ તેમની ધૂનો ગવડાવી પોતાની આધ્યાત્મિક અનુભૂતિ જણાવે છે.

શ્રી શ્રી મા આજના ઉદ્‌બોધનમાં સહુ પ્રથમ પ્રભુનો સુખરૂપ પહોંચાડવા બદલ આભાર માને છે. રસ્તે એક સાથે અથડાયેલા પાંચ ખટારાઓના અકસ્માતની વાત યાદ કરે છે અને કહે છે કે



આપણું સાધન પણ તેજ પ્રકારનું હતું. પણ આપણા પ્રભુની કૃપા કે આપણે અહીં સહી સલામત આવી પહોંચ્યાં.

આજે આપણે શ્રી સંત ચરણમાં આવ્યા છીએ, એટલે બાળક બની, અહંકાર ત્યજી, નિર્માની બનવાનું છે. સંત તુકારામને વિશિષ્ટ અંજલિ આપી પ્રભુ સાથેનો પ્રેમ પરાકાષ્ટાએ પહોંચાડ-વાની પ્રાર્થના કરે કે પ્રભુ સાથે કેટલી બધી આત્મીયતા કે ભારે કસોટીઓથી કંટાળેલા તુકારામ એકવાર પ્રભુને મારવા માટે લાકડી પણ લે છે. પણ જેમ જેમ તુકારામ કસોટીએ ચઢતા ગયા તેમ તેમ પ્રભુની વધુને વધુ નજીક આવતા ગયા. કસોટીઓથી ગભરાશો નહીં. એમાંથી જ પરાકાષ્ટા જન્મશે અને અંતે એજ પ્રભુ સુધી લઈ જશે. બીજું બધું વેરણછેરણ થઈ જાય તેની ચિંતા ના કરશો.

વધુમાં જણાવતાં કહે છે કે પોતાને સાઈબાબાનો પ્રથમ પરિચય પૂ. યોગેશ્વરજીના પુસ્તકોમાંથી જ મળેલો અને ત્યાર-પછીની પોતાની અગાઉની યાત્રાઓની વાત કરે છે.

શ્રી ડાહીબેન પોતાને થતી આધ્યાત્મિક અનુભૂતિઓ વર્ણવે છે. શ્રી હરગોવિંદભાઈ જેમણે ૨૨ વર્ષ પૂર્વે પૂ. શ્રી સાથે યાત્રા કરેલી તે યાત્રાની સ્મૃતિઓ તાજી કરે છે. તદુપરાંત જણાવે છે કે સાઈબાબાના એક ભક્તની ગંગા નહાવા જવાની ઈચ્છા થાય છે અને તેને માટે શ્રી સમર્થ સાઈ પગમાંથી ગંગા વહેવડાવે છે તે લક્ષ્મુભાઈ, અમારી જ્ઞાતિના હતા. તેમને સાઈબાબાએ સ્મૃતિરૂપે એક ઝભ્ભો પણ આપેલો. હાલમાં તેમનું શરીર શાંત થઈ ગયું છે.

શ્રી ભરત ત્રિવેદી પણ મહારાષ્ટ્રના સંતપુરુષોનું સ્મરણ કરી પોતાની અંગત મુશ્કેલીમાંથી કેમ પાર ઉતરાયું તે કૃપા પ્રસંગની

વાત કરે છે.

સત્સંગની પરાકાષ્ટા તો શ્રી સુશીલાબહેન "સર્વ સમર્થ તમે છો અમને ચિંતા શાની હોય!" એ ભજનથી પહોંચે છે, અને સહુ જાણે બધો બોજો સમર્થશ્રીનાં ચરણોમાં સોંપી, નિશ્ચિંતતાના ઉર્ધ્વભાવોમાં આરોહણ કરી વંદન કરે છે. પ્રભુ ચરણોમાં આજે પ્રાર્થના કરી છૂટાં પડે છે.

અમારા આધ્યાત્મિક જીવનની શરૂઆત જ જે મહાપુરુષના દર્શનથી થયેલી તેવા એ સમર્થ પુરુષ સાથે અમને ખૂબ આત્મીયતા છે. એટલે એ તીર્થક્ષેત્રના એ પ્રભુને અમે પ્રાર્થના કરી, "અમે જેને ઈષ્ટ માનીએ છીએ, આપ અને એ બંને એક જ હોવ તો અમારે એના સ્વરૂપે જ આપનું દર્શન જોઈએ છે." અને અમારી એ પ્રાર્થના સંભળાય છે. અમારી એ યાત્રા પૂ. મા વિહોણી હતી. પૂ. માની હાજરીમાં અમે કંઈ જ ન માગ્યું એ પૂર્તિએ એવો આનંદ પ્રગટાવેલો કે પાંચ માસ પછી પણ તેની તાજગી એવી જ અનુભવાય છે.

યાત્રા એટલે ઊંઘ નહીં, આરામ નહીં, સતત જાગૃતિ, ઉદારતા, એનું ઉદાહરણ શ્રી શ્રી માએ આજે પૂરું પાડયું. સવારે સહુ ઊંઘતા ઝડપાઇ ગયા! આટલા પરિશ્રમ પછી સવારે સાડા પાંચે ઉઠી મા સર્વેશ્વરી હૃદયમાં બિરાજેલા સમર્થ સાઈને મળવા ગયાં. વૃદ્ધ પુરુષ શ્રી હરગોવિંદભાઇ જ તેનો લાભ લઇ શક્યા. બીજાઓએ જગદંબાના ઉત્કટ ભાવોના આદાન પ્રદાન અને પ્રાર્થનાઓના સાક્ષી ન જ બનાયું. શ્રી શ્રી મા પાછાં ફરે છે ત્યારે "આંખ મારી ઉઘડે ત્યાં સીતારામ દેખું" તેમ શ્રી સુશીલાબ્હેનને સાઈશ્વરીનું મંગલા દર્શન થાય છે.



અગાઉની યાત્રાની જેમ પૂ. મા સંગે શ્રદ્ધા સુમન અને પ્રાર્થના કુસુમો ચઢાવવાનું સૌભાગ્ય સહુ યાત્રીઓને નથી મળતું. સહુ પોતપોતાની રીતે દર્શન કરી આવ્યા. પણ એ તો સાદાં દર્શન. એ પ્રાર્થનાના પોકારોમાં, એ પવિત્ર હૃદયની ભાવ ભરતીમાં, એ તપની તેજસ્વીમાં પ્રગટતી દિવ્યતા ક્યાં? અફસોસનો પાર નથી, પણ વહી ગયેલી પળ પછીનું ડહાપણ જીવનના કોઇ ક્ષેત્રે કામ નથી લાગતું. જોઈએ, આ અનુભવપરથી આ જીવ કેવો બોધ પાઠ લે છે.

(ક્રમશઃ)

## સુવાક્યો

ઊંચા આધ્યાત્મિક સત્યનો સાક્ષાત્કાર પામી ચૂકેલા ગુરુઓને જ્યારે કોઇ સુપાત્ર શિષ્ય મળી જાય છે, ત્યારે તેઓ એને એ સત્ય અનુભવ કરાવવા આતુર બને છે. **સ્વામી વિવેકાનંદ**

ભગવદ્‌ગીતામાં કહેલું છે કે 'જ્ઞાની પુરુષ એવું માને છે કે જુદી જુદી ઇન્દ્રિયો પોતપોતાના વિષયોમાં પ્રવૃત્ત થાય છે અને ઇન્દ્રિયોની પ્રવૃત્તિઓથી અલિપ્ત રહે છે.' હું એનાથી આગળ વધીને કહેવા માગું છું કે જ્ઞાની એવો વિચાર પણ નથી કરતો. એ આત્માસ્વરૂપ હોય છે અને આત્માથી જુદું કશું નથી જોતો. ગીતાએ જે કહ્યું છે તે સ્વાનુભવ સિદ્ધ પૂર્ણ જ્ઞાનીને માટે નથી કહ્યું—પરંતુ અભ્યાસીને માટે જ કહેલું છે. **રમણ**

# મનનો દોષ–અહંકાર

મૂળ લેખક : કે. વી. બેલસરે
અનુવાદક : યોગેન્દ્ર પરીખ

માણસને પોતાના મનનું અત્યંત અલ્પ જ્ઞાન હોય છે. એને લીધે મનના મૂળ દ્રવ્યમાં, રચનામાં, સ્વભાવમાં અને કાર્ય કરવાની રીતમાં જે દોષ છે તેની કલ્પના એને આવતી નથી. જીવન જીવતી વખતે માણસ ડગલે ને પગલે પોતાનું મન વાપરે છે. અજ્ઞાનજન્ય દોષ બાજુપર ખસેડીને કોઈને પોતાનું મન વાપરતાં આવડતું નથી, વળી આવું જ દોષયુક્ત મન બીજા માણસો વાપરે છે. તેથી માનવીજીવનમાં કેટલીય નાનીમોટી સમસ્યા નિર્માણ થાય છે. જે મન સમસ્યા નિર્માણ કરે છે અને મનુષ્યને ઈશ્વરથી દૂર લઈ જાય છે તે મનનો અહંકાર એ મુખ્ય દોષ છે. અહં એટલે હું. અહંકાર એટલે અહં. અહં અથવા હું હું કરે તે. માણસ જન્મે છે ત્યારે એને અહંકાર હોતો નથી. જગતના પદાર્થ એની ઈન્દ્રિઓને ચેતવે છે. આ ચેતવણીઓને એની ઈન્દ્રિઓ પ્રતિસ્પદ આપે છે. એટલે આંખો જુએ છે, કાન સાંભળે છે, જીભ સ્વાદ લે છે, પણ હું જોઉં છું, હું સાંભળું છું, હું સ્વાદ લઉં છું એવું ભાન હોતું નથી. પછી ધીમે ધીમે હું દેહ છું એવું ઊગે છે. એ ભાન સ્થિર થાય એટલે હું જોઉં છું, હું સાંભળું છું, હું સ્વાદ લઉં છું એવા અનુભવનો આરંભ થાય છે. હું દેહ જ છું એમ સઘનતાથી નિઃસંશયપણે લાગવા માંડે એટલે દેહ સાથે તાદાત્મ્ય થાય છે. આ તાદાત્મ્ય અનુભવોનું કેન્દ્ર બને છે. તદુપરાંત એજ અહંકારનું મુખ્ય લક્ષણ સમજવું.



અહંકાર ઉંમરે આવે એટલે હું દેહ જ છું એવો માણસની બુદ્ધિનો જે નિશ્ચય થાય છે તેને દેહબુદ્ધિ કહે છે. અહંકાર માણસના અંતરમાં ખૂબ ઊંડે સુધી પહોંચે છે. એટલે તેની અસર આપણા જીવન પર થાય છે. માનવજીવનનું એક્કેય અંગ એવું નથી કે જેમાં અહંકાર પોતાનો પ્રભાવ પાડતો નથી. માણસને પોતાના દેહનો તો અહંકાર હોય જ છે. પણ તેને પોતાના રૂપનો, વયનો, કુળનો, બળનો, સંપત્તિનો, અધિકારનો, વિદ્યાનો, કળાનો, નામલૌકિકતાનો, છૈયાંછોકરાંનો, યશનો, કાર્યનો, તપશ્ચર્યાનો, ત્યાગનો, પરોપકારનો અને **સાધકપણાનો પણ અહંકાર હોય** છે. હું કાંઈક છું. વ્યક્તિ તરીકે મને જૂદું અને વિશેષ સ્થાન છે એમ લાગવું એ અહંકારનું સહજ ચિહ્ન કે લક્ષણ છે. અહંકારના પેટમાં જ્યાં–ત્યાં માણસ પોતાનું મહત્ત્વ પ્રસ્થાપિત કરવાનો પ્રયત્ન કરે છે. અહંકારમય એવી દેહબુદ્ધિના જીવનમાં (૧) હું દેહ જ છું. (૨) હું પૂરેપૂરો સાચો છું. (૩) હું કર્તા છું. અને (૪) જગ પૂરેપૂરું સાચું છે એવો દૃઢ વિશ્વાસ હોય છે. આ ચતુર્વિધ વિશ્વાસના પાયા પર માણસ જીવનના સર્વ નાનામોટા વ્યવહાર કરે છે. દેહ ખરો લાગે છે તેથી માણસને દેહ પર અને દેહને સુખ આપનારી વસ્તુ પર, શક્તિ પર, અને ઘરના પર પ્રેમ હોય છે. દેહ પરના પ્રેમને લીધે માણસ ધન, માન, સત્તા, યશ, કીર્તિ, સંસાર, વિદ્યા, કલા ઇત્યાદિ પર પ્રેમ કરે છે. એજ પ્રેમને લીધે માણસ દેહને સુખમાં રાખવા જીવનભર મથામણ કરે છે. દેહ ખરો લાગે છે તેથી માણસને મરણની બીક લાગે છે. ઈન્દ્રિઓ દ્વારા દેહને તત્કાળ સુખ મળે છે તેથી માણસ ઈન્દ્રિયભોગ પાછળ ઘેલો બને છે. એ ભોગ મેળવવાના પ્રયત્નમાં

યશ મળે છે. તેથી "હું કર્મ કરું છું." અને હું ભોગ ભોગવું છું." આ બે ભાવના પોષાય છે. કર્તાપણાની અને ભોક્તાપણાની ભાવના માણસને મરતાં સુધી કર્મ કરવાની પ્રેરણા આપે છે. દેહ સુધી તો જ હું સુધી એ કલ્પના અને હું કરીશ તો જ થશે એવો વિશ્વાસ, આ બે લક્ષણોથી અહંકાર પોતાનું અસ્તિત્વ જાહેર કરે છે. **અહંકાર મનને દેહ પૂરતો સીમિત કરે છે.**

અહંકારનું પ્રમાણ જેટલું વધારે તેટલો માણસ વધુ સ્વાર્થી અને સંકુચિત હોય છે એ જીવનનો નિરયવાદ નિયમ છે. સ્વાર્થી માણસનું સમસ્ત જીવન તેના હુંપણાની આસપાસ કેન્દ્રિત થયેલું હોય છે. તેનું જ્ઞાન મેળવવું, નીતિથી વર્તવું, સમાજસેવા કરવી, પરોપકાર કરવો, લોકોને શીખવવું, એટલું જ નહિ પણ **એની ગુરુસેવા અને યોગાભ્યાસ સુદ્ધાં એના અહંકારનું પોષણ કરે છે.** આવા માણસને હુંને બાદ કરીને જગ તરફ, જીવન તરફ, પોતાના તરફ જોતાં જ આવડતું નથી. તેથી એને કોઇ પણ યથાર્થ જ્ઞાન થતું નથી. અર્થાત્ **તેને ઈશ્વરદર્શન થવું શક્ય નથી.**

હું છું એમ માણસ સામાન્ય રીતે ભૂલતો નથી. એટલે જેની પાસે કાંઈક છે તેને જ અહંકાર છોડવો મુશ્કેલ બને છે એવું નથી, પણ **સમગ્ર સંસારનો સંન્યાસ કરનારા ભિક્ષુક કે મહંતને સુદ્ધાં અહંકાર છોડવો સહેલો બનતો નથી.** મને અહંકાર નથી એમ લાગવું એ ય અહંકારનું જ લક્ષણ સમજવું. પોતાના પ્રયત્નનું પોતાને જોઈએ તેવું ફળ મળવું જોઈએ એવો અહંકારી માણસનો આગ્રહ હોય છે. દરેક ઠેકાણે એને યશ જોઈએ છે. એ જો મળતો જાય તો એના કર્તાપણાને મદ ચડે છે. આ મદ ત્યારે વિલક્ષણ હોય છે. અહંકારી કર્તાપણાના નશામાં જીવે છે. પોતાના



સાધનોને જોરે એ ઈશ્વરને સ્વાધીન કરવાના સ્થાન સેવે છે. શાંત અહંકારથી અનંત ઈશ્વરને પ્રાપ્ત કરવા અશક્ય હોવાથી અંતે હાર ખાવી પડે છે. તેથી અહંકાર એ ઈશ્વરદર્શનનો સૌથી મોટો શત્રુ છે. માનવજીવનનાં દુ:ખ, તાણ, મથામણ, ચિંતા, ભીતિ, દ્વેષ મત્સર અને સંઘર્ષ આ સર્વનું મૂળ માણસના અહંકારમાં મળે છે. ઈશ્વરની નજદીક જવામાં એ જ આડે આવે છે. જે પોતાના અહંકારનું મરણ નીપજાવી શકે છે. એજ ઈશ્વરદર્શનનો અધિકારી બને છે. અને **અહંકારને મારવા** માટે ઈશ્વર અવતાર લે છે.

(ક્રમશ:)

શ્રી યોગેશ્વર કૃપા

# સંદીપ વેલ્ડીંગ વર્કસ

**ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ**
**તેમજ**
**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત-૩૯૫ ૦૦૭.**

# અધ્યાત્મની કેડીએ

**મણિભાઈ ના. પંડયા, ડાકોર**

આત્મસાક્ષાત્કાર માટેની ભૂમિકા કેવી રીતે ઊભી થાય? એ સવાલ સૌ કોઈ મુમુક્ષુને થાય છે, કેડી ગમે તેટલી સંકટોથી ભરપૂર હોય, કાંટા ઝાંખરાથી સભર હોય (ત્રિવિધ—આધિ, વ્યાધિ અને ઉપાધિ) પણ તે રસ્તે ચાલવાથી જ આ ભૂમિકા ઊભી થશે એ સૌ સંતોએ કહેલી નિ:શંક વાત છે. તે માટે (૧) સમભાવવાળો આંતર્રાષ્ટ્રીય ભાવ ખીલવવો (**वसुधा एव कुटम्बकम्**) (૨) નિ:સ્વાર્થ સેવાભાવવાળો સમજભાવ ખીલવવો (૩) સૌ કોઈમાં પ્રભુનું દર્શન કરી સદા, સર્વથા અને સર્વત્ર પ્રભુનું સાન્નિધ્ય અનુભવવું (૪) ધ્યાન, ધારણા અને સમાધિનો ગુરુદ્વારા અભ્યાસ કરવો. પૂ. વિનોબાજીએ ઈશ્વરની ઝાંખી થાય માટે યે ચિત્તશુદ્ધિને અનિવાર્ય ગણી છે. ભગવાન બુદ્ધની 'વિપશ્યના' માર્ગમાં યે શ્વાસ અને સંવેદનાને જોવાની વાત કહી છે. તો ભક્તિભાવના માર્ગે માત્ર ઈશ્વરના સ્વરૂપો નીરખવાં જેથી આપોઆપ ચિત્તશુદ્ધિ સિવાય કશું જ ન હોઈ શકે. ભગવાન અને ઋષિ પાતંજલિએ આઠ પગથિયાં—રાજયોગનાં આપ્યાં છે પણ સામાન્ય માણસ તો એ પગથિયાંનાં નામ વાંચીને ગભરાય છે. આમ તો ક્યારે ભગવાનની ઝાંખી થશે એમ તેને થાય છે. પણ સંસારમાં રહીને અધ્યાત્મની કેડીએ ચાલતાં ચાલતાં ગીતામાં કહ્યું છે તેમ દુર્ગતિ તો થવાની જ નથી પણ વહેલા મોડા સદ્‌ગતિ પ્રાપ્ત થશે તે માટે રોજે રોજ ધ્યાન, થોડીક પસંદ કરેલી કસરત અને આસન પ્રાણાયામ શીખી લેવાં જોઈએ એમાં કોઈ શંકા નથી.



# રામકથા

( ગતાંકથી ચાલુ) **યોગેશ્વરજી**

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

સીતા બોલી : 'રામના દર્શનવિના મારું જીવન અકારું બની ગયું છે. મને કાંઈ ગમતું જ નથી. મારી પ્રત્યેક ક્ષણ યુગ જેવી વીતી રહી છે. પરંતુ રાવણને મારી દયા નથી આવતી. એનું રુંવાડુંયે નથી હાલતું. મારાં આંસુ અને આક્રંદ જોઈને કોઈ પત્થરદિલનો પુરુષ પણ પીગળી જાત, પણ રાવણનો પ્રાણ ના પીગળ્યો. મંદોદરી! તારું કોઈએ હરણ કર્યું હોત તો રાવણની શી દશા થાત? એની વેદનાને એ વેઠી શકત ખરો? તું પણ એ દશામાં શાંત, સ્વસ્થ કે કુશળ રહી શકત ખરી? એવી જ રીતે મારું હરણ કરીને એણે રામને માથે અસહ્ય વેદાના નાખી દીધી છે. અને મારા જીવનને પણ દુ:ખી કર્યું છે. તું જ વિચાર કર કે રામ વિના મારું જીવન કેવી રીતે સુખી હોઈ શકે?'

'સાચું છે. તારા દુ:ખને હું સારી પેઠે તેમ જ સંપૂર્ણપણે સમજી શકું છું. ઈશ્વરે મને સ્ત્રી બનાવી હોવાથી સ્ત્રીનું દુ:ખ કેવું હોય તેની કલ્પના બરાબર કરી શકું છું. રામથી અલગ કરીને તને દુ:ખના દરિયામાં ડૂબાડી દેવામાં આવી છે. તારું જીવન નીરસ બનાવી દેવાયું છે. મારા પતિ રાવણે એ એક મોટો અપરાધ કર્યો છે. એમના મનમાં તને પોતાની પટરાણી બનાવવાની આકાંક્ષા છે.'

'એના મનમાં મને પોતાની પટરાણી બનાવવાની આકાંક્ષા છે પરંતુ એ આકાંક્ષા શું સ્વપ્ને પણ સફળ થઈ શકશે? એ આકાંક્ષા ધૂળધાણી થઈ જશે. પવિત્ર, સ્વમાની ને પતિવ્રતા સન્નારીઓ બીજાની બનતાં પહેલા મરી જવાનું વધારે પસંદ કરે છે. એ જીવનભર એકની જ થઈ રહે છે, એકને જ હૃદય દે છે, ને એકની જ સેવામાં સંલગ્ન રહે છે. એ કદીપણ ને કોઈ યે કારણે બીજાની નથી થઈ શકતી. રાવણ મને ડરાવીને,

ધમકાવીને, પ્રલોભન બતાવીને કે બીજા કીમિયા કરીને પોતાની બનાવવા માગતો હશે પણ હું એની નહિ થઇ શકું. એની થવાનો વિચારે નહિ કરી શકું. હું તો રામની થઇ ચૂકી છું, ને રામની જ રહેવા સરજાયેલી છું.'

સીતાના શબ્દો સાંભળીને મંદોદરી પ્રસન્ન થઇ. એણે સીતાને ધન્યવાદ આપતાં કહ્યું, 'તારા શબ્દો સાંભળીને મારું હૈયું હેતથી ભરાઇ જાય છે. રામ પ્રત્યેનો તારો પ્રેમ અતિશય અસાધારણ છે. તેને માટે તને ખરેખર ધન્યવાદ ઘટે છે. આવો પ્રખર પવિત્ર પતિપ્રેમ જગતમાં જ્વલ્લે જ જોવા મળે છે. તને પત્નીરૂપે પામનાર રામ પણ ખરેખર સૌભાગ્યશાળી ને ધન્ય છે. તારા દુઃખને હું સમજી શકું છું. તારી સાથે મારી સંપૂર્ણ સહાનુભૂતિ છે. મારે કોઇ બેન નથી. ઈશ્વરે તારા રૂપમાં મને મારી બેન મેળવી આપી એમ માનું છું. તારી પવિત્ર પદરજથી લંકાની આ આસુરી સંપત્તિથી ભરેલી ભૂમિ પવિત્ર થઇને મહિમામયી બની ગઇ. તારી અસહાય અવસ્થા જોઇને મારા અંતરમાં પણ આંસુ આવે છે. અહીં રહીને હું તને કેવી રીતે મદદરૂપ થઇ શકું? તારા દુઃખને દૂર કરવાનો પ્રયાસ હું કેવી રીતે કરી શકું? તું કહે તેમ કરવા હું તૈયાર છું.'

'સીતા શાંતિપૂર્વક વિચારીને કહેવા માંડી. તું મને મદદરૂપ થવાની ભાવના રાખે છે તેને માટે તને અંતરનાં અભિનંદન આપું છું. તારી ભાવના ઘણી ઉત્તમ છે. એ જોઇને મને અપાર આનંદ થાય છે. લંકામાં રહીને મારું અંતર સુખશાંતિનો અનુભવ કરી શકે તેમ નથી. રામવિના મારા અંતરને આરામ નથી મળી શકે તે. મને વહેલી તકે રામનો મેળાપ થાય એમાં જ મારું શ્રેય સમાયેલું છે. માટે તારાથી બની શકે તો તું રાવણના હૃદયમાં લાગણી પેદા કર, પશ્ચાત્તાપનો પાવક પ્રજ્વલિત કર, એથી વધારે સેવા બીજી કોઇ જ નથી, અને એના સિવાયની બીજી સેવાની મારે જરૂર નથી.'

મંદોદરી બોલી, 'તારા માન્યામાં કદાચ નહિ આવે, પરંતુ તને સન્માનપૂર્વક છૂટી કરવા તથા રામ પાસે મોકલી દેવા માટે મેં રાવણને અનેક વાર સમજાવવાના પ્રયાસ કર્યા છે. મારા પ્રયાસ જોકે સફળ નથી થયા તો પણ મને નિરાશા નથી થઇ. તને મળીને મારું હૃદય તારે માટે



નિર્દોષ પ્રેમનો અનુભવ કરતું થયું છે. એટલે રાવણને સમજાવવાના મારા પ્રયાસ ચાલુ જ રાખીશ. રાવણના હૃદયનું, મનનું, ભાવોનું ને વિચારોનું પરિવર્તન કરવાની બનતી બધી જ કોશિષ કરતી રહીશ. એવી કોશિષને મારો ધર્મ કે મારું મહામૂલું કર્તવ્ય સમજીશ. માટે એ બાબત નિશ્ચિત રહેજે. એ ઉપરાંત અહીં તને કોઇ પ્રકારની તકલીફ ન પડે તે માટે અહીં રાક્ષસી ત્રિજટાને સૂચના આપતી જઉં છું. એ સદ્‌ગુણી, વિવેકી ને વૃદ્ધ છે. તારી સંભાળ એ સારીપેઠે રાખશે. એ સિવાય મારે લાયક કોઇ બીજી સેવા હોય તો કહે. મને તારી બેન સમજીને સહેજ પણ સંકોચ ના કરતી.'

સીતાએ કહ્યું, 'મને સંકોચ નથી થતો. તારા જેવી બેન મેળવીને સંકોચ શામાટે થાય? તારા જેવી બેન મળી એ પણ મારું સૌભાગ્ય જ કહેવાય. તારા ભાવો ને વિચારો જોઇને મને ઘણો આનંદ થયો. લંકામાં રાવણને ત્યાં જ એના રાજભવનમાં તારા જેવું અણમોલ રત્ન રહે છે એ જાણીને મારી નવાઇનો તથા પ્રસન્નતાનો પાર નથી રહ્યો. વિધિની એ એક અજબ લીલા છે કે રાવણને ત્યાં કાદવમાં કમલિનીની પેઠે તારો પણ વાસ છે. તારા માયાળુ વર્તન માટે તને ધન્યવાદ આપું છું. બાકી બીજી કોઇ યે સેવા મારે નથી જોઇતી. મારું મન માત્ર રામમાં જ લાગેલું છે. તારાથી બને તો મને રામનો મેળાપ કરાવી દે.'

એમ કહીને સીતા ફરીથી રોવા લાગી.

મંદોદરીનું હૃદય એ રૂદન જોઇને અતિશય કરુણ બની ગયું. એ ભારે કરુણ સ્વરે બોલી ઊઠી, 'તારું રુદન જોઇને મને કાંઇનું કાંઇ થઇ જાય છે. મારું હૃદય પણ રડવા માંડે છે. મારી પાસે એવો કોઇ કીમિયો નથી કે જેથી તને અત્યારે ને અત્યારે જ રામની પાસે પહોંચાડી દઉં. નહિ તો એક ઘડીનો ય વિલંબ ના લગાડું. રાવણની ઉપરવટ જઇને પણ તને રામ પાસે મોકલી આપું. પરંતુ મારામાં એવી શક્તિ નથી. હું પરાધીન છું. એટલે તારા રુદનને લાચાર બનીને જોઇ રહી છું.'

આંખમાં ઉભરાઇ આવેલાં અશ્રુબિંદુને લુછીને એણે ફરી કહ્યું, 'હું પોતે પતિવ્રતા છું. એટલે પતિવ્રતા સ્ત્રીઓના મનોભાવોને સારી રીતે ને સહાનુભૂતિપૂર્વક સમજી શકું છું. તારા હૃદયની દશાનો ખ્યાલ મને પૂરેપૂરો

છે. એ હૃદયને શાંતિ આપવાની ઈચ્છા મારી અંદર પ્રબળપણે પેદા થઈ હોવા છતાં, અત્યારે તો મારાથી તને આશ્વાસનના બે શબ્દો કહ્યા સિવાય બીજું કશું જ કરી શકાય તેમ નથી. છતાં પણ મને ખાતરી છે, અને એ ખાતરીથી પ્રેરાઈને તને વિશ્વાસ આપું છું, કે વિયોગનો આ કાળ તારા જીવનમાં લાંબા વખત સુધી નહિ ટકે. એની પરિસમાપ્તિ જરૂર થશે. તારાં અનુરાગયુક્ત આંસુ નિરર્થક નહિ થાય ને તારી વેદના તથા યંત્રણા નિષ્ફળ નહિ જાય.'

એટલું બોલતાં બોલતાં તો મંદોદરી ગદ્‌ગદ બની ગઈ. 'સીતા બોલી. એવો વિશ્વાસ તો મને પણ છે. રામ મને મળશે એ બાબત મને સહેજ પણ શંકા નથી. છતાં પણ મારું મન બેચેન છે. મારો સમય કેમે કરીને પસાર નથી થતો. મારું દુ:ખ પરાકાષ્ઠાએ પહોંચી ગયું છે. લોચન રામના રસભરેલા સુંદરતાના સદન સરખા સ્વરૂપનું દર્શન કરવા માટે લાલાયિત છે. કાન એમના સુધાભરેલા સુમધુર સુખદ શબ્દો સાંભળવાની ઈચ્છા રાખે છે અને અંતર એમના સહવાસના પરિણામરૂપે પ્રાપ્ત થનારા અખંડ આનંદની આકાંક્ષા સેવે છે. સંસારના કોઈપણ પ્રદેશમાં રહું તો પણ એમના સિવાય મને શાંતિ નથી મળી શકે તેમ. મારા દિલનું દર્દ નથી મટી શકે તેમ.'

'તારો પતિપ્રેમ અજબ છે, એ પ્રેમને જોઈને મને આનંદ થાય છે. તારા જેવો પતિપ્રેમ બહુ ઓછી સ્ત્રીઓમાં જોવા મળે છે. સંયોગના સોનેરી સમય દરમિયાન તો એ પ્રેમ ટકે છે પણ વિયોગની વેદના યુક્ત વિપરીત ક્ષણો દરમિયાન પણ એની માત્રા એવી જ અકબંધ રહે ત્યારે ખરું. સંયોગ અને વિયોગની બંને પ્રકારની પરિસ્થિતિમાં જેનો પ્રેમ અચળ રહે છે તે ખરેખર ધન્યવાદને પાત્ર છે. એવા પાત્રો તારી જેમ કોઈ વિરલ જ હશે. એ પ્રેમનું પારિતોષિક તને જરૂર મળશે. અત્યારે તારા જીવનમાં જે અગ્નિ પરીક્ષા કે તપશ્ચર્યા થઈ રહી છે તે નકામી નહિ જાય. તેના પરિણામે તને શ્રીરામ અને શાંતિ બંને જરૂર મળશે.'

( ક્રમશઃ )

# * એકાંતવાસી યોગીને *

ગિરિની એકાંત ગુફામાં તેં વાસ કર્યો ને સારોયે સમય મૌન રાખીને સતત સાધનામાં પસાર કર્યો, પણ તારામાં પ્રેમ ના પ્રકટ્યો તો શું કામનું?

એવી શક્તિ મેળવી કે પર્વતોને પણ હલાવી શકે ને કોઈ કામ તારી મર્યાદાની બહાર ના રહી શકે; પરંતુ તારામાં પ્રેમ ના પ્રકટ્યો તો શું કામનું?

તેં સર્વ કાંઈ મેળવ્યું. જ્ઞાન પણ; પરંતુ પ્રેમ ના મેળવ્યો, ને જડ કે નિશ્ચલ બનીને સમાધિમાં જ મસ્ત રહેવાનું પસંદ કર્યું; પણ મનની મધુર બીનમાં માનવજાતિની અનુકંપાનો ભાવ ના ભર્યો; તારો યોગ શું કામનો?

જે રડે છે ને કકળાટ કરે છે, તેમને તું રડતાં બંધ કર ને શાંતિ આપ, ને જે ભૂખ્યાં છે, તેમના મુખમાં રોટીનો ટુકડો મૂક. બંધાયેલાનાં બંધન તોડવા તારા શરીરને પણ હોડમાં મૂક, ને જે અસહાય ને અપંગ છે, એમનો આધાર બન!

અરે પ્યારા યોગી, ઈશ્વરનું દર્શન તો તું કરી ચૂક્યો, પરંતુ તેના સુંદર, મંગલ ને એટલા જ સત્ય એવા આ વિશ્વરૂપને ના સમજ્યો! બોલ તારો યોગ વધારે શા કામનો?

યોગેશ્વરજી

# * નમસ્કાર વિના નથી રહી શકતો *

પૃથ્વીના પ્રત્યેક પદાર્થમાં પ્રકટ થયેલ તને નમસ્કાર કર્યા વિના હું નથી રહી શકતો.

કોઈ મારી સ્તુતિ કરે કે નિંદા, સર્વમાં તેમ તેમાં પણ તું જ છે, એમ જાણીને તને નમસ્કાર કર્યા વિના નથી રહી શકતો. પૃથ્વીના પ્રત્યેક પદાર્થમાં પ્રકટ થયેલ તને નમસ્કાર કર્યા વિના નથી રહી શકતો.

કોઈ મને સારી પેઠે સત્કારે ને આસન પર બેસાડે કે સત્કાર કરવાને બદલે કોઈ મારી અવજ્ઞા કરે; સર્વમાં તેમ તેમાં પણ તું જ છે, એમ જાણીને હું તને નમસ્કાર કર્યા વિના નથી રહી શકતો. પૃથ્વીના પ્રત્યેક પદાર્થમાં પ્રકટ થયેલ તને નમસ્કાર કર્યા વિના નથી રહી શકતો.

કોઈ મને હૈયાનું હેત ઠાલવીને હાર પહેરાવે કે પથ્થર ને ગાળોનો માર મારે; સર્વમાં તેમ તેમાં પણ તું જ છે, એમ જાણીને હું તને નમસ્કાર કર્યા વિના નથી રહી શકતો. પૃથ્વીના પ્રત્યેક પદાર્થમાં પ્રકટ થયેલ તને નમસ્કાર કર્યા વિના નથી રહી શકતો.

જુદા જુદા રૂપમાં, જ્યાં તું જ સ્મિત કરે છે, ને પ્રેમ કરે છે ત્યાં, કોના પ્રત્યે પ્રેમ ને કોના પ્રત્યે વેર? કોની મમતા ને કોની ઘૃણા? ગમે તે વેશમાં આવે, છતાં સૌમાં તું જ પધારે છે, એમ સમજીને તને નમસ્કાર કર્યા વિના નથી રહી શકતો.

પૃથ્વીના પ્રત્યેક પદાર્થોમાં પ્રકટ થયેલ તને નમસ્કાર કર્યા વિના નથી રહી શકતો.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.
રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર–૧.